પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૧૬૨, કુલ પાના:૪, તારીખ: ૦૪-૦૩-૨૦૨૧ ગુરૂવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 162 PRICE :-RS. 1.50 DATE : 04-03-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

Whatsapp No.9712880678

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


### રાજ્યની સ્થાપના પછી પ્રથમ વખત ૨.૨૭ લાખ કરોડ રૂપિયાનું બજેટ રજૂ કરાયું

# રૂ-પાણું બજેટ..!: ન કરબોજ, ન રાહત

ગાંધીનગર,

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી અને નાણાંપ્રધાન નીતિન પટેલે નવમી વખત ૨૦૨૧-૨૨ના નાણાકીય વર્ષનું બજેટ રજૂ કર્યું હતું. ગુજરાત રાજ્યની સ્થાપના પછી પ્રથમ વખત ૨.૨૭ લાખ કરોડ રૂપિયાનું બજેટ રજૂ કરાયું છે. આ પ્રસંગે નીતિન પટેલે જણાવ્યું હતું કે, આ વખતે ૨.૨૭ લાખ કરોડનું બજેટ પાછલા બજેટ કરતા ૧૦,૦૦૦ કરોડથી વધુ છે. નોંધનીય છે કે પાછલા બજેટ અને આ વખતના બજેટની સરખામણી કરીએ તો કૃષિ વિભાગમાં ગયા વર્ષે રૂપિયા ૭૪૨૩ કરોડની ફાળવણી કરવામાં આવી હતી. જ્યારે આ વર્ષે કૃષિ વિભાગમાં રૂપિય ૭૨૩૨ કરોડની જાગવાઇ કરવામાં આવી છે જે પાછલા બજેટ કરતા રૂપિયા ૧૯૧ કરોડ ઓછું છે. નોંધનીય છે કે કૃષિ માટે કુલ મળીને ૨૭ હજાર ૨૩૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

બજેટ રજુ કરતા સમયે નાણા પ્રધાને સ્થાનિક ચૂંટણીમાં ભાજપના ભવ્ય વિજયની યાદ અપાવી. તેમણે આ વિજયને પ્રજાના સર્ટિફિકેટ સાથે સરખાવ્યું હતું. તેમણે આ મુદ્દે કહ્યું કે પ્રજાની યુનિર્વસિટીમાંથી અમને ત્રિપલ-છ સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે. આ જીત એમને એમ નથી થઈ. આ માટે ભાજપ સરકારે ઘણા વિકાસના કાર્યો કર્યા છે. તેમ નીતિન પટેલે ઉમેર્યું છે. અને, વિકાસ કાર્યોમાં ગુજરાતમાં કંઈ જ કચાશ રહેતી ન હોવાનું પણ તેમણે કહ્યું છે.

નીતિનભાઈએ કહ્યું કે, લોકડાઉન સમયે રાજ્યમાં એક પણ વ્યક્તિ ભૂખ્યો ના રહે તેનું ધ્યાન સરકારે રાખ્યું છે. દવા સાથે ભોજનની પણ વ્યવસ્થા કરી. જેમાં સરકારે ૬૯ લાખ કુટુંબોની ૩ કરોડ ૩૬ લાખની જનસંખ્યાને સસ્તા અનાજની મંડળી દિન દયાલ ઉપાધ્યાય દ્વારા ૬ વખત



વિના મુલ્યે અનાજ આપ્યું. જેમાં સરકારે ઘઉં ચોખા ચણા દાળ ખાંડ અને મીઠાનું વિતરણ કર્યું. આ બાદ BPL સિવાયના APLના માધ્યમવર્ગના ૬૧ લાખ પરિવારોને પણ સરકારે ૧ કિલો ચણા દાળ, એક કિલો ખાંડનું વિતરણ કર્યું. આ બાદ નીતિનભાઈએ કહ્યું કે મુખ્યમંત્રી ગરીબ કલ્યાણ પેકેજ હેઠળ ૬૭ લાખ ૩૮ હજાર પરિવારોને લોકડાઉન વખતે ૧ હજાર રૂપિયા આપવામાં આવ્યા. જે બેંક ખાતામાં સીધા જમા કરાવ્યા. આ કાર્યોનો હવાલો આપતા નાણા પ્રધાને કહ્યું કે આ કામગીરીએ જ ભાજપને જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં વિજયી બનાવ્યા છે.

ગુજરાતના અત્યારસુધીના સૌથી મોટા બજેટમાં આરોગ્ય, શિક્ષણ તેમજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. પોતાની બજેટ સ્પીચમાં નીતિન પટેલે આગામી પાંચ વર્ષમાં બે લાખ લોકોને સરકારી નોકરી આપવાનું વચન આપ્યું છે. આ ઉપરાંત આગામી પાંચ વર્ષમાં મેન્યુફેક્ચરિંગ, ફાર્મા, એનર્જી, એન્જીનિયરીગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આઈ.ટી., પ્રવાસન, હૉસ્પિટાલીટી, ફૂડ પ્રોસેસિંગ, બેકિંગ અને સર્વિસ સેક્ટરમાં ૨૦ લાખ રોજગારી ઊભી કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત, અમદાવાદ-મહેસાણા હાઈવેને સિક્સ લેન બનાવવાની તેમજ અમદાવાદ-ગાંધીનગર અને સુરત સિવાય વડોદરા, રાજકોટ, ભાવનગર અને જામનગરમાં પણ મેટ્રો દોડાવવા માટે આયોજન કરાયું છે.

૫૮૭.૮૮ કરોડ રુપિયાન પુરાંત દર્શાવતા આ બજેટમા મહેસૂલી આવક ૧,૬૭,૯૬૯.૪૦ કરોડ, મહેસૂલી ખર્ચ ૧,૬૬,૭૬૦.૮૦ કરોડ અંદાજવામાં આવ્યા છે. જ્યારે મહેસૂલી હિસાબ પર પુરાંત ૧૨૦૮.૬૦ કરોડ, મૂડીની આવક ૫૦૭૫૧ કરોડ, લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ ૫૬,૫૭૧.૭૨ કરોડ, મૂડી હિસાબ પર ખાધ (માઈનસ) ૫૮૨૦.૭૨ કરોડ અંદાજવામાં આવ્યા છે. કોરોનાને કારણે સરકારે આ બજેટમાં કોઈ નવા કરવેરા નથી નાખ્યા અને પ્રવર્તમાન વેરામાં કોઈ પ્રકારનો વધારો પણ નથી કર્યો. નીતિન પટેલે કહ્યું, ગુજરાત સરકાર દ્વારા લેવાયેલા પગલાંથી ગુજરાતનું અર્થતંત્ર વેગવંતુ બન્યું છે. ગુજરાતે કોરોનાના કપળાં કારમાં ભારતને નવી દિશા આપી આપવાનું કામ કર્યું છે. તેમણે વધુમાં કહ્યું, નાના વ્યવસાયકારો ફરી બેઠા થઈ રહ્યા છે. માટે આયાત વેરાના દરોમાં વધારો અને નવા કોઈ કરવેરા નહીં નાખવાની જાહેરાત કરું છું. આમ ગુજરાતમાં કોઈ નવો કરવેરો કે વેરાના દરોમાં વધારાની કોઈ જાહેરાત કરી નથી. નાણાંમંત્રીએ કહ્યું કે, ૨૦ સિવિલ હોસ્પિટલોમાં આર્યુવેદિક પદ્ધતિથી પંચકર્મ સારવાર અપાશે. આ સાથે સુરતની કિડની હોસ્પિટલને અદ્યતન બનાવવા ૨૫ કરોડ આપવામાં આવશે. નવી ૧૫૦ એમ્બ્યુલન્સ માટે ૩૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે આ સાથે ૧૦૮ એમ્બ્યુલન્સ સર્વિસમાં વધુ નવી ૧૫૦ એમ્બ્યુલન્સ ઉમેરાશે. ઓછા જન્મ સાથે જન્મતા બાળકોની સારવાર માટે ૧૪૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ગોધરા-મોરબીમાં નવી મેડિકલ કોલેજ માટે ૫૦ કરોડ ફાળવવામાં આવશે. નાણામંત્રીએ કમલમ ફ્રુટના વાવેતર માટેની પણ જોગવાઈ કરી છે. તેમણે જણાવ્યું કે, કેવડિયાની આસ-પાસના ૫૦ કિ.મીમાં કમલમ ફ્રૂટના બે લાખના વાવેતર માટે ૧૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. મહત્ત્વનું છે કે, ખેડૂતોની માંગ બાદ રાજ્ય સરકારે ડ્રેગન ફ્રૂટનું નામ બદલીને કમલમ રાખ્યું છે.

## આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે ૧૧, ૩૨૩ કરોડની જોગવાઈ

મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વમાં ગુજરાતમાં કોવિડ મહામારી દરમિયાન અભૂતપૂર્વ કામગીરી કરવામાં આવી હતી. રાજ્યમાં ૯૨૩૧ પેટા આરોગ્ય કેન્દ્ર, ૧૪૭૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ૩૨૧ શહેરી આરોગ્ય કેન્દ્ર અને ૩૪૮ સામુદાયિક આરોગ્ય કેન્દ્રો દ્વારા આરોગ્ય સુવિધાઓ પુરી પાડવામાં આવે છે.

- વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવેલ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અને રાજ્ય સરકારની મુખ્યમંત્રી મા-વાત્સલ્ય યોજના ગરીબ અને મધ્યમ વર્ગના પરીવારો માટે ખુબ જ આશીર્વાદરૂપ પુરવાર થયેલ છે. આ યોજના દ્વારા લાભાર્થીઓને વાર્ષિક રૂપિયા પાંચ લાખ સુધીની સારવાર વિના મૂલ્યે આપવામાં આવે છે. આ યોજના માટે ૧૧૦૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- રાજ્યમાં ઓછા વજન સાથે જન્મતા બાળકોને વિના મુલ્યે સારવાર પુરી પાડતી યોજના બાલસખા-૩ માટે ૧૪૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- નવી સિવિલ હોસ્પિટલ, અમદાવાદની સુવિધાઓને અપગ્રેડ કરવા માટે ૮૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- પ્રધાનમંત્રી માતૃવંદના યોજના અંતર્ગત સગર્ભા માતાઓને સહાય માટે ૬૬ કરોડની જોગવાઈ.
- ભારત સરકારના સહયોગથી ગોધરા અને મોરબી ખાતે બનાવવામાં આવનાર નવી મેડિકલ કોલેજના બાંધકામ અને હોસ્પિટલોને અપગ્રેડ કરવા માટે ૫૦ કરોડની જોગવાઈ.
- ખૂબ જ લોકપ્રિય અને ઉપયોગી બનેલ ૧૦૮ એમ્બ્યુલન્સ સર્વિસમાં હાલ ૬૨૨ એમ્બ્યુલન્સ વાન કાર્યરત છે. નવી ૧૫૦ એમ્બ્યુલન્સ વાન સેવારત કરવા ૩૦ કરોડની જોગવાઈ.
- સુરત ખાતે કિડની હોસ્પિટલને અદ્યતન બનાવવા માટે સાધન સામગ્રી અને માનવ સંશાધન ઉપલબ્દ્ધ કરાવવા માટે ૨૫ કરોડની જોગવાઈ.
- રસીકરણની કામગીરી સુચારૂરૂપથી કરવા માટે રાજ્યકક્ષાએ ખાસ રસીકરણ સેલ ઉભો કરવામાં આવશે. વધુમાં ૯ જિલ્લામાં મેડિકલ વેક્સીન સ્ટોરના બાંધકામ માટે ૩ કરોડની જોગવાઈ.
- ૨૦ સિવિલ હોસ્પિટલો ખાતે આર્યુવેદિક પદ્ધતિથી પંચકર્મ સારવાર પુરી પાડવા ડે-કેર પંચકર્મ સેન્ટર શરૂ કરવામાં આવશે.

## ગુજરાત સરકાર ગિફ્ટ સિટીમાં રૂ. ૧૦૦ કરોડ રોકાણ કરશે

ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સિટી (ગિફ્ટ સિટી)માં આર્થિક પ્રવૃત્તિઓ વધી છે અને તેમ દેશ અને વિદેશથી રોકાણ આવી રહ્યું છે. નીતિન પટેલે વિધાનસભામાં જણાવ્યું હતું કે ગુજરાત સરકારની સંપૂર્ણ માલિકીના ગિફ્ટ સિટીમાં આગામી દિવસોમાં રૂ. ૧૦૦ કરોડનું મૂડી રોકાણ કરવામાં આવશે. હાલમાં ગિફ્ટ સિટીમાં બેકિંગ, ઈન્સ્યોરન્સ, ફાઈનાન્સ સહિતના સેક્ટર્સની ૨૦૦થી વધુ કંપનીઓ કાર્યરત છે.

## યાત્રાધામના વિકાસ માટે સરકારે રૂ.૧૫૪ કરોડની જોગવાઈ

ગુજરાતના ૨૦૨૧-૨૨ના બજેટમાં રાજયમાં આવેલા ધાર્મિક ઐતિહાસિક અને પૌરાણિક મહત્વ ધરાવતા યાત્રાધામના વિકાસ માટે સરકારે રૂ.૧૫૪ કરોડની જોગવાઈ કરી છે. જેમાં પાવાગઢના વિકાસ માટે રૂ.૩૧ કરોડ, નારાયણ સરોવર-કચ્છના વિકાસ માટે રૂ.૩૦ કરોડ કચ્છના માતાના મઢના વિકાસ માટે રૂ.૨૫ કરોડ ફાળવ્યા છે.

## શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે કુલ ૧૩ હજાર ૪૯૩ કરોડની જોગવાઈ

- શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગ માટે ૧૩,૪૯૩ કરોડની જોગવાઈ.
- ન.પા., મનપા અને શહેરી વિકાસ સત્તામંડળો માટે ૪૫૬૩ કરોડની જોગવાઈ.
- અમદાવાદ સુરત, રાજકોટ, વડોદરા અને ગાંધીનગર મનપા તથા દાહોદ નપાને સ્માર્ટ સિટી હેઠળ ૭૦૦ કરોડની જોગવાઈ.
- અમદાવાદ-ગાંધીનગર તેમજ સુરત શહેરમાં મેટ્રો રેલ માટે ૫૬૮ કરોડની જોગવાઈ.
- ૨૦૨૨માં શહેરમાં સૌને ઘર આપવા માટે ૫૫,૦૦૦ આવાસો બનાવાશે, જેના માટે ૯૦૦ કરોડની જોગવાઈ.
- રાજકોટ, વડોદરા, ભાવનગર અને જામનગરમાં પણ મેટ્રો લાઈટ- મેટ્રો નીઓ જેવી નવી ટેક્નોલોજીવાળી મેટ્રો સેવા શરુ કરાશે, જેના માટે ૫૦ કરોડ ફાળવાયા.

## કૃષિ, ખેડૂત કલ્યાણ માટે ૭૨૩૨ કરોડની જોગવાઈ

વાવણીથી કાપણી સુધીના તબક્કા હોય કે પછી ખેત પેદાશો બજાર સુધી પહોચાડવાની વાતમાં ગુજરાત સરકાર ખેડૂતોના પડખે ઉભી રહી છે. રાજ્યના ખેડૂતોને વધુ સક્ષમ, સંસાધન સભર અને સફળ બનાવવા માટે ગુજરાત સરકાર પ્રયત્નશીલ છે.

- રાજ્યના ૪ લાખ ખેડૂતોને બિયારણ અને અનાજ સંગ્રહ માટે એક ડ્રમ અને પ્લાસ્ટિકના બે ટોકર (ટબ) વિના મૂલ્ય આપવાની યોજના માટે રૂ. ૮૭ કરોડની જોગવાઈ.
- ફૂડ પ્રોસેસિંગ માટે એકમ દીઠ રૂ. ૧૦ લાખની સહાય માટે કેન્દ્ર સરકારની યોજના અંતર્ગત રૂ. ૮૨ કરોડની જોગવાઈ.
- બીજ ઉત્પાદક ખેડૂતોને ઉત્તેજન આપવા ગુજરાત રાજ્ય બીજ નિગમ દ્વારા ફાઉન્ડેશન તેમજ સર્ટિફાઈડ બીજ ઉત્પાદન માટે સહાય આપવા રૂ. ૫૫ કરોડની જોગવાઈ.
- એગ્રી અને ફૂડ પ્રોસેસિંગ ક્લસ્ટરના વિકાસ માટેની યોજના થકી પ્રભાવશાળી બેકવર્ડ અને ફોરવર્ડ લીંકેજીસની જરૂરિયાતો પૂર્ણ કરવા રૂ. ૫૦ કરોડની જોગવાઇ.
- ડાંગ જિલ્લાને સંપૂર્ણ રસાયણ મુક્ત ખેતી કરતો જિલ્લો બનાવવાના ઉદ્દેશથી પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને પ્રોત્સાહિત કરવા પ્રથમ વર્ષે રૂ. ૧૦ હજાર તથા બીજા વર્ષે રૂ. ૬ હજાર નાણાકીય સહાયની યોજના માટે રૂ. ૩૨ કરોડની જોગવાઈ.
- ઓર્ગેનિક તેમજ પ્રાકૃતિક ખેતી આધારિત ફળો અને શાકભાજીના ઉત્પાદનોનું સીધુ વેચાણ રાજ્યના ખેડૂતો દ્વારા અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટના શહેરી વિસ્તારમાં કરવા માટેની ઓર્ગેનિક એગ્રિકલ્ચર માર્કેટ યોજના માટે રૂ.૨૦ કરોડની જોગવાઈ.
- ખેડૂતોને હવામાન આધારિત માર્ગદર્શન સમયસર મળે તે હેતુથી ૧૮૦૦ ઓટોમેટિક વેધર સ્ટેશનની સ્થાપના માટે રૂ. ૧૨ કરોડની જોગવાઈ.
- રોગ-જીવાતના સમયસર સરવે થકી ઉપદ્રવની જાણકારી મેળવી તેના અસરકારક નિયંત્રણ માટે કરતા ખેડૂતોને પ્રોત્સાહિત કરવા માટે પ્રાયોગિક ધોરણે રાજ્યના ૧૦ જિલ્લામાં મોબાઈલ ક્રોપ ક્લિનિક માટે રૂ. ૨ કરોડની જોગવાઇ.

### : કૃષિ બજાર વ્યવસ્થા :

- ખરીદ વેચાણ અને સંગ્રહ વ્યવસ્થા યોજના હેઠળ ૭૮ કરોડની જોગવાઇ.
- તાલુકા અને જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘોના વિવિધ પ્રોજેક્ટ માટે ૫૦ ટકા કેપિટલ સહાયની યોજના હેઠળ ૬ કરોડની જોગવાઇ.

### : કૃષિ સંશોધન અને શિક્ષણ-રાજ્ય કૃષિ યૂનિવર્સિટીઓ :

- રાજ્ય કૃષિ યૂનિવર્સિટીઓ હસ્તક કૃષિ સંશોધન અને શિક્ષણના કાર્યક્રમોને સઘન બનાવવા માટે ૬૯૮ કરોડની જોગવાઇ.

### : કામધેનુ યુનિવર્સિટી :

- કામધેનુ યુનિવર્સિટી હસ્તક સંશોધન અને શિક્ષણના કાર્યક્રમોને સઘન .બનાવવા માટે ૧૩૭ કરોડની જોગવાઇ.

## રૂપાણી સરકારે બજેટમાં શિક્ષણ માટે ૩૨૭૧૯ કરોડની ફાળવણી કરી

બજેટમાં શિક્ષણ ક્ષેત્રે પણ ઘણી મોટી જાહેરાતો કરવામાં આવી છે. શિક્ષણ વિભાગ માટે કુલ ૩૨,૭૧૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. શિક્ષણ એ સતત વિકાસની પ્રક્રિયા છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ દ્વારા શિક્ષણ આગામી સમયની જરૂરિયાત ધ્યાને લઈ ક્રાંતિકારી ફેરફારો સૂચવવામાં આવ્યા છે. માતૃભાષામાં શિક્ષણ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણ સાથે આધુનિક યુગને અનુરૂપ શિક્ષણ પદ્ધતિને પરિવર્તનશીલ બનાવવામાં આવેલ છે. મિશન સ્કૂલસ ઓફ એકસેલન્સ ગુજરાતના વિદ્યાર્થીઓને અદ્યતન શિક્ષણ પ્રદાન કરવાની દિશામાં મહત્ત્વનું પગલું છે.

- બાળકોના સર્વગ્રાહી વિકાસ સાથે ઉત્તમ શિક્ષણ પ્રદાન કરવા માટે ૩૪૦૦ શાળાઓમાં જરૂરી તમામ સુવિધાઓ વિકસાવવા પાંચ વર્ષ માટે રૂ. ૧૨૦૭ કરોડનું આયોજન.
- ધોરણ-૧ થી ૮ ના આશરે ૪૫ લાખ બાળકોને મધ્યાહન ભોજન યોજના, અન્ન સંગમ યોજના, દૂધ સંજીવની યોજના અને સુખડી યોજના અંતર્ગત કુલ રૂ. ૧૦૪૪ કરોડની જોગવાઇ.
- રાઈટ-ટુ-એજયુકેશન એક્ટ અંતર્ગત રાજયમાં ખાનગી શાળાઓમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે રૂ. ૫૬૭ કરોડની જોગવાઇ.
- મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓને ટયુશન ફી તથા હોસ્ટેલ અને ભોજન ખર્ચમાં શિષ્યવૃત્તિ સહાય રૂપે રાહત પૂરી પાડવા માટે રૂ. ૨૮૭ કરોડની જોગવાઈ.
- ૧૧ લાખ કરતાં વધુ વિદ્યાર્થીઓને એસ.ટી. બસ ફી પાસ કન્સેશન માટે રૂ. ૨૦૫ કરોડની જોગવાઇ.
- કોલેજનાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવતા અંદાજીત ત્રણ લાખ વિદ્યાર્થીઓને ટેબ્લેટ આપવા રૂ. ૨૦૦ કરોડની જોગવાઈ.
- હયાત નિવાસી શાળાઓ જેવી કે, કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય, મોડેલ સ્કૂલ અને આશ્રમ શાળાઓ ખાતે ઉત્તમ પ્રકારનું નિવાસી શિક્ષણ મળે તે હેતુથી વિશાળપાયે માળખાગત સુવિધાઓ ઊભી કરવાની યોજના માટે રૂ. ૮૦ કરોડની જોગવાઇ.
- રાજ્યની ૨૦૦૦ પ્રાથમિક શાળાઓ ખાતે વીજળીકરણ અને પીવાના પાણીની સુવિધા માટે રૂ. ૭૨ કરોડની જોગવાઇ.
- માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા તમામ ઓગણીસ લાખ કરતાં વધુ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે પાઠયપુસ્તકો પૂરાં પાડવા રૂ. ૬૫ કરોડની જોગવાઇ
- જે બાળકોના ઘરનું અંતર તેમની શાળાથી ૧ કીલોમીટર કરતાં વધુ હોય તેવા દોઢ લાખથી વધુ બાળકોને વાહનવ્યવહારની સુવિધા આપવા માટે રૂ. ૬૦ કરોડની જોગવાઇ
- ઐતિહાસિક મહત્ત્વ અને વિશેષ પ્રકારના વારસાગત સ્થાપત્ય ધરાવતી ખૂબ જૂની શાળાઓનું મહત્ત્વ અનેરુ છે. આ શાળાઓને હેરિટેજ સ્કૂલ તરીકે નવીનીકરણ કરવા માટે રૂ. ૨૫ કરોડની જોગવાઇ.
- રાજ્યની વિવિધ યુનિવર્સિટી ખાતે પીએચડી ડિગ્રી માટે સંશોધન કરતા વિદ્યાર્થીઓ માટે રૂ. ૨૦ કરોડની જોગવાઈ
- વિદ્યાર્થીઓમાં સુષુપ્તાવસ્થામાં રહેલ શોધ ભાવનાને પ્રોત્સાહન આપી અવનવા સર્જનથી સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ વિકસાવવા માટે પહેલ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે. આ નીતિ અંતર્ગત અંદાજીત ૧૪ લાખ વિદ્યાર્થીઓ માટે રૂ. ૨૦ કરોડની જોગવાઇ.
- આઈઆઈટી એન્જિનીયરીંગ અને મેડિકલ પ્રવેશ પરીક્ષા તથા અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવા માટે રાજયની સરકારી અને અનુદાનિત શાળાઓમાં ધોરણ-૧૧ અને ૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને નિવાસી શિક્ષણની વ્યવસ્થા અને ઓનલાઇન ડિસ્ટન્સ લર્નિંગની સુવિધા પૂરી પાડવાની યોજના માટે રૂ. ૨૦ કરોડની જોગવાઇ.
- અભિરૂચી ધરાવતાં બાળકોને સંસ્કૃત શિક્ષણમાં જોડવા પ્રોત્સાહન આપવા અને શ્રેષ્ઠ આચાર્યો તૈયાર કરવાના હેતુથી ૩૭ સંસ્કૃત પાઠશાળાઓના સુદૃઢીકરણ માટે મિશન ગુરૂકુળ યોજના અંતર્ગત રૂ. ૧૦ કરોડની જોગવાઇ.



















મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# મહિસાગર જીલ્લામાં ઠેરઠેર ભાજપાના વિજય પતાકા

લુણાવાડા, જાહેર થયેલા પરિણામમાં મહિસાગર જીલ્લાના સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં ભાજપા એ ''એવર બીજેપી'' દેખાવો કર્યો હતો. આદિવાસી અને બક્ષીપંચના મતદારોનું પ્રભુત્વ ધરાવતી જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની જુદી જુદી બેઠકો ઉપર ક્રમળે જીત મેળવીને કોંગ્રેસના સૂપડા સાફ કર્યા હતા. ફરી એકવાર જીલ્લામાં ભાજપાનો જાદુ ચાલી જતાં જીલ્લા પંચાયત તથા ૬ તાલુકા પંચાયત ઉપર સત્તા હાંસલ કરી દીધી હતી. કોંગ્રેસ બૂરી રીતે હારતા મહિસાગર જીલ્લા પંચાયતના પ્રમુખ, લુણાવાડા શહેર કોંગ્રેસ પ્રમુખના પત્ની, સંતરામપુર તાલુકા કોંગ્રેસ પ્રમુખના પુત્રની કારમી હાર થઈ હતી. ભાજપે ગત ચુંટણી કરતા બે તાલુકા પંચાયત ઉપર કબ્જો કરતા જીલ્લામાં કુલ ૬ તાલુકા પંચાયત હસ્તગત કરી લીધી હતી. ગત વખતે જીલ્લા પંચાયત મહિસાગર ઉપર કોંગ્રેસે પંજો મારીને કબ્જે કરી હતી. જ્યારે આ વખતે સમગ્ર ગુજરાતમાં ભાજપાનું મોજુ ફરી વળતા જીલ્લા પંચાયતમાં પણ કમળ ખીલાવી દીધું હતું. અને કુલ ૨૮ બેઠકો માંથી ૨૨ બેઠકો ઉપર જીત મેળવી હતી. તેવી રીતે માત્ર કોંગ્રેસને ૬ બેઠકો થી સંતોષ માનવો પડયો હતો. જ્યારે તાલુકા પંચાયતમાં ઉપર ભગવો લહેરાયો છે. આ ૬ તાલુકા પંચાયતમાં ૮૭ ભાજપને, ૩૪ કોંગ્રેસ, ૪ અપક્ષ અને ૧ આપ વિજેતા થયો છે. હવે મહિસાગરમાં આપે એન્ટ્રી મારી છે. આદિવાસી વિસ્તાર બટકવાડા, ડીટવાસ, ગોઠીબા, ખેડાપામાં કોંગ્રેસે સારો દેખાવ કર્યો છે. તેમ છતાં સત્તાથી દુર રહ્યો છે. અને ઠેર ઠેર ભાજપના વિજય પતાકા લહેરાયા છે.

### લુણાવાડા તાલુકા પંચાયતના વિજેતા ઉમેદવાર

| અ.નં. | વિજેતા ઉમેદવાર | પક્ષ | મેળવેલ મત |
|---|---|---|---|
| ૧. | રમીલાબેન મુકેશભાઇ ચૌહાણ | કોંગ્રેસ | ૧૮૬૪ |
| ૨. | ઉષાબેન હિતેશભાઇ પટેલ | કોંગ્રેસ | ૨૨૭૭ |
| ૩. | ભાવનાબેન યોગેશભાઈ પટેલ | બીજેપી | ૨૩૪૩ |
| ૪. | કૈલાશબેન કંચનભાઈ ખાંટ | બીજેપી | ૨૧૩૬ |
| ૫. | મીનાબેન ભલાભાઈ ચાવડા | બીજેપી | ૨૧૬૯ |
| ૬. | હિતેન્દ્રસિંહ વિક્રમસિંહ બારીયા | બીજેપી | ૨૨૮૭ |
| ૭. | હરિશકુમાર ભુપેન્દ્રસિંહ ઠાકોર | બીજેપી | ૨૨૩૩ |
| ૮. | અજયકુમાર ડાહયાભાઇ દરજી | બીજેપી | ૧૬૫૬ |
| ૯. | ભલવેન્દ્રકુમાર રાવજીભાઈ પટેલ | બીજેપી | ૨૧૫૧ |
| ૧૦. | રાજેશકુમાર શીવાભાઇ પટેલ | કોંગ્રેસ | ૨૯૧૪ |
| ૧૧. | પ્રભાતભાઈ ડાહ્યાભાઇ ખાંટ | કોંગ્રેસ | ૨૦૫૧ |
| ૧૨. | પરાગભાઇ હિરાભાઇ વણકર | કોંગ્રેસ | ૨૧૭૭ |
| ૧૩. | નયનાબેન નટુભાઈ પરમાર | બીજેપી | ૧૭૪૫ |
| ૧૪. | રાયજીભાઈ ભીખાભાઈ માછી | બીજેપી | ૨૧૪૮ |
| ૧૫. | રેણુકાબેન કૃષ્ણકુમાર રાઠોડ | બીજેપી | ૨૨૯૫ |
| ૧૬. | સંગીતાબેન માધુસિંહ ખાંટ | કોંગ્રેસ | ૨૨૬૮ |
| ૧૭. | ભાવનાબેન ભરતભાઇ બારીયા | બીજેપી | ૨૫૪૨ |
| ૧૮. | સોમીબેન રમેશભાઇ બારીઆ | બીજેપી | ૨૪૫૨ |
| ૧૯. | વિજયાબેન સંજયકુમાર બારીઆ | બીજેપી | ૩૧૪૩ |
| ૨૦. | જયંતિકાબેન કનુભાઇ પટેલ | બીજેપી | ૨૮૬૮ |
| ૨૧. | ભારતભાઈ ચંદાભાઈ પટેલીયા | બીજેપી | ૧૮૭૭ |
| ૨૨. | અલ્કાબેન રવિન્દ્રસિંહ બિચોલા | અપક્ષ | ૧૯૯૯ |
| ૨૩. | અમિતકુમાર રાયજીભાઇ પટેલ | બીજેપી | ૩૨૯૧ |
| ૨૪. | જશવંતકુમાર ભલાભાઇ પટેલીયા | અપક્ષ | ૨૩૫૧ |
| ૨૫. | અંબાલાલ કાળીદાસ પટેલ | બીજેપી | ૨૧૫૩ |
| ૨૬. | મહેન્દ્રકુમાર મણીલાલ પટેલ | બીજેપી | ૧૬૦૩ |

### ખાનપુર તાલુકા પંચાયતના વિજેતા ઉમેદવાર

| અ.નં. | વિજેતા ઉમેદવાર | પક્ષ | મેળવેલ મત |
|---|---|---|---|
| ૧. | રશ્મિકાબેન યોગેશકુમાર ડામોર | બીજેપી | ૧૯૪૩ |
| ૨. | શાન્તાબેન કનકાભાઇ માલીવાડ | બીજેપી | ૧૫૧૨ |
| ૩. | અંબાબેન ગોબરભાઇ કટારા | બીજેપી | ૧૫૧૧ |
| ૪. | સીતાબેન કાળુભાઇ પગી | કોંગ્રેસ | ૧૮૧૯ |
| ૫. | રેવાભાઇ લખુભાઇ ખાંટ | બીજેપી | ૧૪૫૯ |
| ૬. | ઈન્દ્રવદન જેઠાભાઇ પટેલ | બીજેપી | ૧૨૮૭ |
| ૭. | ઉમેશકુમાર અંબાલાલ પટેલ | બીજેપી | ૧૭૦૭ |
| ૮. | મગનભાઇ લક્ષ્મણભાઇ ડામોર | કોંગ્રેસ | ૧૦૮૯ |
| ૯. | અરવિંદભાઇ ખાતુભાઇ પટેલ | આપ | ૧૪૦૯ |
| ૧૦. | વિલાસબા અરવિંદસિંહ રાઠોડ | કોંગ્રેસ | ૧૪૫૯ |
| ૧૧. | શર્મિષ્ઠાબેન દિનેશભાઇ બારીયા | બીજેપી | ૧૦૭૭ |
| ૧૨. | કમળાબેન કાળુભાઇ ચમાર | બીજેપી | ૧૫૬૫ |
| ૧૩. | સવિતાબેન રમેશભાઇ ડામોર | બીજેપી | ૨૪૪૦ |
| ૧૪. | ચંદનબેન વિક્રમસિંહ ડામોર | બીજેપી | ૧૫૯૩ |
| ૧૫. | નિશાન્તકુમાર મહેન્દ્રકુમાર જોષી | બીજેપી | ૧૬૩૫ |
| ૧૬. | કમલેશકુમાર કાળીદાસ પટેલ | અપક્ષ | ૧૧૧૭ |

### સંતરામપુર તાલુકા પંચાયતના વિજેતા ઉમેદવાર

| અ.નં. | વિજેતા ઉમેદવાર | પક્ષ | મેળવેલ મત |
|---|---|---|---|
| ૧. | મધુબેન લક્ષ્મણભાઇ ગોરી | બીજેપી | ૧૫૧૩ |
| ૨. | નાથુભાઇ વાલાભાઇ તડવી | કોંગ્રેસ | ૧૩૪૫ |
| ૩. | મહેશકુમાર મોતીભાઇ નીનામા | કોંગ્રેસ | ૧૪૪૯ |
| ૪. | માનસીંગભાઇ ખાત્રાભાઇ ડામોર | કોંગ્રેસ | ૧૪૮૧ |
| ૫. | યોગેશકુમાર મસુરભાઇ માલીવાડ | બીજેપી | ૧૭૮૯ |
| ૬. | અશોકભાઇ રામજીભાઇ ડામોર | બીજેપી | ૧૬૭૩ |
| ૭. | રેખાબેન હસમુખભાઇ ચમાર | બીજેપી | ૧૫૩૨ |
| ૮. | ગીતાબેન વિક્રમભાઇ ભગોરા | બીજેપી | ૨૦૦૩ |
| ૯. | ખેમાભાઇ વેચાતભાઇ બરજોડ | કોંગ્રેસ | ૧૬૭૮ |
| ૧૦. | લતાબેન યોગેશભાઇ પગી | કોંગ્રેસ | ૨૭૩૫ |
| ૧૧. | સુમનબેન રોશનભાઇ તાવિયાડ | બીજેપી | ૧૮૫૦ |
| ૧૨. | લલિતાબેન જેસીંગભાઇ બારીયા | બીજેપી | ૧૪૮૯ |
| ૧૩. | મિનાક્ષીબેન ઇશ્વરભાઇ ડામોર | બીજેપી | ૧૬૮૧ |
| ૧૪. | ભાનુબેન અરવિંદભાઇ બારીઆ | બીજેપી | ૨૩૪૩ |
| ૧૫. | શારદાબેન દિલીપભાઇ પટેલીયા | બીજેપી | ૧૮૪૯ |
| ૧૬. | સોમાભાઇ વાલાભાઇ પારગી | કોંગ્રેસ | ૧૭૨૬ |
| ૧૭. | મંગળાબેન રમેશભાઇ બરજોડ | બીજેપી | ૨૧૧૫ |
| ૧૮. | જિગ્નિષાબેન કૃષ્ણપાલસિંહ ઠાકોર | બીજેપી | ૨૨૭૮ |
| ૧૯. | હરેશભાઇ બાબુભાઇ વળવાઇ | બીજેપી | ૩૬૬૮ |
| ૨૦. | ભારતભાઇ સ્વરૂપભાઇ ખાંટ | બીજેપી | ૧૯૨૧ |
| ૨૧. | મહેન્દ્રભાઇ કોદરભાઇ પટેલ | બીજેપી | ૨૩૫૮ |
| ૨૨. | પ્રવિણભાઇ લક્ષ્મણભાઇ પરમાર | બીજેપી | ૧૭૮૪ |
| ૨૩. | અંબાબેન શંકરભાઇ ખરાડી | બીજેપી | ૧૭૯૭ |
| ૨૪. | આશાબેન ધર્મેન્દ્રભાઇ ખાંટ | બીજેપી | ૧૬૭૫ |
| ૨૫. | સુરેશભાઇ મોઘાભાઇ પારગી | કોંગ્રેસ | ૧૭૧૨ |
| ૨૬. | શૈલેષકુમાર નારજીભાઇ ડામોર | બીજેપી | ૨૦૬૦ |
| ૨૭. | સુશિલાબેન મહેશભાઇ ડામોર | બીજેપી | ૧૬૦૯ |
| ૨૮. | ગીતાબેન પર્વતભાઇ ડીંડોર | બીજેપી | ૨૨૭૧ |

### કડાણા તાલુકા પંચાયતના વિજેતા ઉમેદવાર

| અ.નં. | વિજેતા ઉમેદવાર | પક્ષ | મેળવેલ મત |
|---|---|---|---|
| ૧. | ભુરીબેન કાળુભાઇ ચમાર | કોંગ્રેસ | ૧૦૮૬ |
| ૨. | રાયસિંગભાઇ લક્ષ્મણભાઇ ડામોર | બીજેપી | ૧૯૨૬ |
| ૩. | સુરમાભાઇ ભુરાભાઇ વાગડીયા | કોંગ્રેસ | ૧૮૭૦ |
| ૪. | મંગુબેન ભારતસિહ માલીવાડ | બીજેપી | ૧૬૩૪ |
| ૫. | પુજાભાઇ મસુરભાઇ ડામોર | કોંગ્રેસ | ૧૯૨૪ |
| ૬. | નયનાબેન શૈલેષકુમાર ખાંટ | બીજેપી | ૧૮૪૯ |
| ૭. | અજયકુમાર નાથાભાઇ ડામોર | કોંગ્રેસ | ૨૩૯૨ |
| ૮. | લીલાબેન શનાભાઇ વાગડિયા | બીજેપી | ૧૬૦૯ |
| ૯. | બાલુબેન સુરેશભાઇ માલીવાડ | બીજેપી | ૨૦૫૦ |
| ૧૦. | મંગુબેન રમણભાઇ પટેલ | બીજેપી | ૧૬૦૫ |
| ૧૧. | બીપીનભાઇ રામજીભાઇ પંચાલ | બીજેપી | ૧૭૭૮ |
| ૧૨. | જયસિંહ ભુરાભાઇ તાવિયાડ | બીજેપી | ૧૫૬૧ |
| ૧૩. | સોમીબેન હરિશભાઇ પાંડોર | બીજેપી | ૧૨૬૬ |
| ૧૪. | પ્રજ્ઞેશકુમાર રાયસીંગભાઇ ડીંડોર | બીજેપી | ૧૨૦૫ |
| ૧૫. | પુનમબેન ભગવાનભાઇ વાગડીઆ | કોંગ્રેસ | ૧૪૫૮ |
| ૧૬. | કમલેશભાઇ નાનાભાઇ પાદરીયા | બીજેપી | ૧૩૬૨ |
| ૧૭. | વિજયાબેન રમેશભાઇ ડામોર | કોંગ્રેસ | ૨૧૪૭ |
| ૧૮. | ભરતભાઇ સોમાભાઇ હરિજન | કોંગ્રેસ | ૧૫૦૨ |
| ૧૯. | મિનાક્ષીબહેન મોહનભાઇ મછાર | બીજેપી | ૧૩૫૫ |
| ૨૦. | મુકેશભાઇ લક્ષ્મણભાઇ ડામોર | કોંગ્રેસ | ૧૮૦૮ |

### વિરપુર તાલુકા પંચાયતના વિજેતા ઉમેદવાર

| અ.નં. | વિજેતા ઉમેદવાર | પક્ષ | મેળવેલ મત |
|---|---|---|---|
| ૧. | મંજુલાબેન દલપતસિંહ પરમાર | બીજેપી | ૧૮૨૦ |
| ૨. | હિનાબેન બિપીનભાઇ પટેલ | બીજેપી | ૨૦૧૩ |
| ૩. | વિજયાબેન મહેન્દ્રકુમાર બારૈયા | બીજેપી | ૧૯૬૪ |
| ૪. | બાલુબેન રમેશભાઇ વણકર | બીજેપી | ૧૫૭૮ |
| ૫. | રમેશભાઇ રતીલાલ વસાવા | કોંગ્રેસ | ૧૭૪૩ |
| ૬. | મહેન્દ્રસિંહ ઉદેસિંહ પરમાર | કોંગ્રેસ | ૧૯૪૪ |
| ૭. | દિપકસિંહ ભવાનભાઇ તલાર | બીજેપી | ૨૧૦૬ |
| ૮. | કૃષ્ણકુમાર ભરતભાઇ પટેલ | બીજેપી | ૧૫૬૫ |
| ૯. | ગંગાબેન જવાનભાઇ બારીયા | બીજેપી | ૨૩૯૮ |
| ૧૦ | રૂખીબેન જેસંગભાઇ ખાંટ | બીજેપી | ૧૮૩૪ |
| ૧૧. | રાજેશકુમાર રમેશભાઇ પટેલ | બીજેપી | ૧૬૮૧ |
| ૧૨. | કાશીબેન રણછોડભાઇ પરમાર | કોંગ્રેસ | ૧૬૧૭ |
| ૧૩. | કુન્દનબેન કમલેશભાઇ પટેલ | અપક્ષ | ૧૨૭૭ |
| ૧૪. | મંગુબેન અર્જુનસિંહ સોલંકી | બીજેપી | ૧૯૨૨ |
| ૧૫. | રણવતસિંહ જશવંતસિંહ ખાંટ | બીજેપી | ૧૭૪૨ |
| ૧૬ | જીગરકુમાર જશુભાઇ પટેલ | બીજેપી | ૧૬૩૬ |
| ૧૭. | અદનાનખાન મહેબુબખાન પઠાણ | કોંગ્રેસ | ૧૫૮૨ |
| ૧૮. | નિખીલકુમાર પરસોત્તમભાઇ પટેલ | બીજેપી | ૧૪૩૩ |

### બાલાસિનોર તાલુકા પંચાયતના વિજેતા ઉમેદવાર

| અ.નં. | વિજેતા ઉમેદવાર | પક્ષ | મેળવેલ મત |
|---|---|---|---|
| ૧. | સોલંકી ભારતીબેન ભવાનસિંહ | કોંગ્રેસ | ૧૩૭૦ |
| ૨. | ઉષાબેન પ્રવિણસિંહ ચૌહાણ | કોંગ્રેસ | ૧૬૮૮ |
| ૩. | ચૌહાણ કોકીલાબેન બાબુભાઈ | કોંગ્રેસ | ૧૫૬૯ |
| ૪. | લક્ષ્મણભાઇ મંગળભાઇ પટેલિયા | બીજેપી | ૧૮૬૬ |
| ૫. | રમેશભાઇ લાલાભાઇ માચાવંશી | બીજેપી | ૧૮૧૬ |
| ૬. | ભારતસિંહ રમેશભાઇ ચૌહાણ | બીજેપી | ૧૭૮૯ |
| ૭. | જવાનભાઇ ગાંડાભાઇ ઠાકોર | કોંગ્રેસ | ૧૯૧૭ |
| ૮. | જેસંગભાઇ રયજીભાઇ ઠાકોર | બીજેપી | ૧૫૮૭ |
| ૯. | સોલંકી રામાભાઇ અર્જુનભાઈ | બીજેપી | ૧૬૭૩ |
| ૧૦. | ઠાકોર નટવરસિંહ મથુરસિંહ | બીજેપી | ૨૧૨૯ |
| ૧૧. | મધુબેન અમરસિંહ ચૌહાણ | કોંગ્રેસ | ૧૪૯૮ |
| ૧૨. | સુમિત્રાબહેન વસંતભાઇ ઠાકોર | બીજેપી | ૨૨૮૨ |
| ૧૩. | સવિતાબેન કાન્તીભાઇ ચૌહાણ | બીજેપી | ૧૩૦૮ |
| ૧૪. | કૈલાસબેન જીતેન્દ્રકુમાર ઝાલા | બીજેપી | ૧૯૧૦ |
| ૧૫. | વર્ષાબેન ભુપેન્દ્રભાઇ ચૌહાણ | બીજેપી | ૧૭૩૮ |
| ૧૬. | પરમાર રમીલાબેન પ્રભુદાસ | કોંગ્રેસ | ૧૧૬૮ |
| ૧૭. | પરમાર ચંપકસિંહ પુજાભાઈ | બીજેપી | ૯૨૭ |
| ૧૮. | રંગીતસિંહ પ્રભાતસિંહ સોલંકી | બીજેપી | ૧૯૧૪ |

## મહીસાગરમાં ૦૪ પોઝિટિવ કેસ : જિલ્લામાં કુલ ૨૧૦૨ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર.બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં આજે ખાનપુર તાલુકાના ૦૧ પુરૂષનો જયારે લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી અને ૦૨ પુરૂષના કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૩-૦૩-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૨૧૦૨ કેસ પોઝીટીવ નોંધાયા છે. આજે જિલ્લારમાં સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી લુણાવાડા તાલુકાના ૦૧ પુરૂષ દર્દીએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૨૦૦૯ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યકિતનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૫ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/ કોરોનાના કુલ ૧૩૩૨૭૦ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૬ વ્યકિતઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૫ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ-લુણાવાડા, ૩૯ દર્દી હોમ આઈસોલેશન અને ૦૪ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૪૪ દર્દીઓ સ્ટેબલ અને ૦૪ દર્દીઓ ઓક્સિજન પર છે.

## સંતરામપુર સ્ટેટ હોસ્પિટલમાં કોરોનાની રસીની સુવિધા



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર નગરમાં આરોગ્ય વિભાગ દ્વારા કોરોનાની વેકિસન આપવા માટે લોકોને જાગૃત કરાયા સંતરામપુર નગરમાં આરોગ્ય વિભાગ દ્વારા સંતરામપુર જાહેર સ્થળો ઉપર પ્રતાપપુરા વિસ્તાર માંડવી બજાર બસ સ્ટેન્ડ ચાર રસ્તા અલગ અલગ વિસ્તારોમાં આરોગ્ય વિભાગની એમ્બ્યુલન્સ દ્વારા જાહેરમાં કરવામાં આવેલી કે સંતરામપુર સ્ટેટ હોસ્પિટલ ખાતે કોરોના વેક્સિન આવી ગયેલી છે કોરોના થી બચવા માટે ૬૦ વર્ષથી ઉપરના તમામ વ્યકિતઓ એ સરકારી હોસ્પિટલમાં જઈને કોરોનાની વેક્સિન મુકાવી અને કોરો ના રોગ સામે રક્ષણ મેળવો આરોગ્ય વિભાગ દ્વારા જાહેરમાં લોકોને જાગૃત કર્યા હતા સરકારી હોસ્પિટલમાં વેક્સિન નો કોઈ પણ પ્રકારનો ચાર્જ લેવામાં આવતો નથી સરકાર તરફથી ૬૦ વરસના ઉંમરના વ્યક્તિઓને ફ્રી માં મૂકી આપે છે મહિસાગર જિલ્લા આરોગ્ય તંત્ર સંતરામપુર તાલુકા આરોગ્ય તંત્ર કોરોના ની વેક્સિન મુકવા માટે સતત લોકો ને જાગૃત કરે છે.

## પંચમહાલ જિલ્લામાં રેડક્રોસ ખાતે વર્લ્ડ હિયરીંગ ડે અને વર્લ્ડ બર્થ ડિફેક્ટ ડેની ઉજવણી કરાઈ



ગોધરા, પંચમહાલ જિલ્લામાં રેડક્રોસ ભવન, ગોધરા ખાતે આજે ૩ માર્ચ નિમિત્તે વર્લ્ડ હિયરીંગ ડે અને વર્લ્ડ બર્થ ડિફેક્ટ ડે નિમિત્તે જિલ્લા એનસીડી સેલ અને આરોગ્ય શાખા, જિલ્લા પંચાયતના સંયુક્ત ઉપક્રમે જિલ્લા કલેક્ટર અમિત અરોરાની અધ્યક્ષતામાં ઉજવણી કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં જન્મસમયે જન્મજાત મોતિયો, ક્લેફ્ટ લીપ્સ, ક્લબ ફુટ, હૃદયરોગ, આંખ-કાનની ખામી ધરાવતા હોય અને આરોગ્ય વિભાગની સારવારનો લાભ મેળવેલ હોય તેવા ૨૦ જેટલા લાભાર્થી બાળકોને જિલ્લા કલેકટર સહિતના ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કિટ વિતરણ કરાવી તેમજ આરબીએસકે ડોક્ટર્સ અને કર્મચારીઓને પ્રશસ્તિપ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે આરબીએસકેની ટીમને અભિનંદન આપતા જિલ્લા કલેક્ટરએ જણાવ્યું હતું કે જન્મ સમયે જ કોઈપણ પ્રકારની વિકલાંગતા કે ખામીની ઓળખ કરવી અત્યંત અગત્યની કામગીરી છે અને બાળકોમાં આ ડિટેક્શન જેટલું વહેલું થાય તેટલી વહેલી તેની સારવાર શક્ય બને છે અને તેની લઘુત્તમ નકારાત્મક અસર બાળકના માનસિક સ્વાસ્થ્ય પર થાય તેમજ તેનો સમતોલ વિકાસ શક્ય બને. સોશિયલ ઈન્ટીગ્રેશન બાળકનો મૂળભૂત અધિકાર છે અને આ પ્રકારની ખામીઓ તેમને તેમ કરતા રોકે છે તેથી આ પ્રકારના ડિટેક્શન શક્ય તેટલા વહેલા થાય તે દિશામાં આયોજન કરી કામગીરી કરવામાં આવશે. જિલ્લા વિકાસ અધિકારી એસ.કે. રાઠોડે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે કોઈપણ પ્રકારની જન્મજાત ખામી ધરાવતા બાળકોને શ્રેષ્ઠ નિદાન અને સારવાર પૂરી પાડવા તંત્ર કટિબદ્ધ છે. ઉત્તમ કામગીરી બદલ તેમણે આરબીએસકેની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં બે લાભાર્થીઓ વિજયભાઈ રાવલ અને ગૌરાંગભાઈ ભોઈએ પોતાના સંતાનોને આરબીએસકે કાર્યક્રમ અંતર્ગત મળેલ સારવાર સહાયનો ઉલ્લેખ કરતા આનંદ વ્યક્ત કર્યો હતો. જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડો.મીનાક્ષી ચૌહાણે કાર્યક્રમમાં શાબ્દિક સ્વાગત તેમજ આરસીએચઓ ડો. પી.કે. વાસ્તવે આભારવિધી કરી હતી. સિવિલ સર્જન ડો.મહેશ પીસાગર, ઈએમઓ ડો.બી.કે.પટેલ સહિતના આરોગ્ય વિભાગના વરિષ્ઠ અધિકારીઓ તેમજ રાષ્ટ્રીય બાલ સુરક્ષા કાર્યક્રમના મેડિકલ ઓફિસર્સ અને સાથી કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દે.બારીયા તાલુકાના રેબારી ગામે ૧૮ વર્ષીય છોકરી પર ગામના યુવાને દુષ્કર્મ આચર્યું

દે.બારીઆ, પોતાના ઘરની સામે કોપમાં કુદરતી હાજતે ગયેલ રેઢાણા ગામની સાડા અઢાર વર્ષીય છોકરીને તેના જ ગામના યુવાને જબરજસ્તીથી પકડી ઓઢણીથી મોં ઢાંકી તેણીની મરજી વિરૂદ્ધ બળજબરીથી દુષ્કર્મ આચરી આ વાત કોઈને કહીશ તો તને જાનથી મારી નાખીશ તેમ કહી ધમકી આપ્યાનું જાણવા મળેલ છે.

પ્રાપ્ત વિગત અનુસાર દે.બારીયા તાલુકાના રેઢાણા ગામના ઝરી ફળીયામાં રહેતી ૧૮ વર્ષ ૭ માસની ઉંમરની છોકરી ગત તા.૨૫.૨.૨૦૨૧ના રોજ અગ્યાર વાગ્યાના સુમારે પોતાના ઘરની સામે કોપમા કુદરતી હાજતે ગઈ હતી. તે વખતે તેના ગામનો અભેસીંગ રામસીંગભાઈ કોળી તે છોકરીની એકલતાનો લાભ લેવવા ત્યાં આવ્વયો હતો અને છોકરીને બળજબરીથી પકડી ઓઢણીથી તેણીનું મોઢું દબાવી જમીન પર પાડી દઈ તેણીની મરજી વિરૂદ્ધ દુષ્કર્મ આચર્યું હતુ. અને ત્યાર બાદ આ વાત તુ કોઈને કહીશ તો તને જાનથી મારી નાખીશ કરી મારી નાખવાની ધાકધમકી આપી હતી.

આ સંબંધે દુષ્કર્મનો ભોગ બનનાર પીડીતાએ નોંધાવેલ ફરીયાદને આધારે દે.બારીયા પોલીસે રેબારી ગામના અભેસીંગ રામસીંગ કોળી વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## હાલોલ રેફરલ હોસ્પિટલમાં પોલીસ વિભાગ અને રેવન્યુ વિભાગ કર્મચારીઓએ વેક્સિન લીધી

હાલોલ, કોરોના રસીકરણ બીજા તબકકાનો પ્રારંભ હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે કરવામાં આવ્યો હતો. જેમાં હાલોલ પોલીસ વિભાગ, હાલોલ રેવન્યુ વિભાગ, તેમજ હાલોલ નગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓને કોરોના રસીકરણમાં આવરી લઈ તેઓને કોરોના વેકિસનેશન આપવામાં આવ્યુ હતુ. જેમાં સોમવારે પણ વેકિસનેશનની કામગીરી રેફરલ હોસ્પિટલ ખાતે હાલોલ તાલુકા આરોગ્ય વિભાગના અધિકારી ડો.પરેશ જોશીના નિરીક્ષણ હેઠળ કરાઈ હતી. જેમાં હાલોલ પોલીસ વિભાગ રેવન્યુ વિભાગ અને નગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓને રસીકરણ કરવામાં આવ્યુ હતુ. જેમાં સોમવારે હાલોલના ડીવાયએસપી એચ.એ.રાઠોડ, ડે.મામલતદાર દક્ષાબેન, નગરપાલિકાના ચીફ ઓફિસર વિરજ શાહ, સહિત હાલોલ ટાઉન પોલીસ, રૂરલ પોલીસ, પાવાગઢ પોલીસ તેમજ તાલુકામાં હાઉસ પો.સ્ટે.ના પોલીસ પોલીસ કર્મીઓને સોમવારે રસીકરણ કરવામાં આવ્યુ હતુ.જેમાં તમામ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓએ રસીકરણ કરાયા બાદ જાહેર જનતાને અપીલ કરી હતી કે આ રસીની અમને કોઈ આડઅસર થવા પામી નથી. જેથી આગમી દિવસોમાં જાહેર જનતા માટે શરૂ થનાર કોરોના રસીકરણના અભિયાનનો કોઈપણ જાતનો ભય રાખ્યા વિના કે અફવાઓમાં આવ્યા વિના સ્વેચ્છાએ જાહેર જનતાએ આ અભિયાનમાં ભાગ લઈ રસીકરણ અભિયાનને સફળ બનાવી કોરોનાના આ અભિયાનને સંપુર્ણ સાથ અને સહકાર આપવો જોઈએ.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૦૪-૦૩-૨૦૨૧, ગુરૂવાર, મહા વદ-૬, સૂર્યોદય-૬-૪૩, સૂર્યાસ્ત-૬-૨૨, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : તુલા (ર.ત.), નક્ષત્રઃ વિશાખા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

## દૈનિક રાશીફળ

તા.૦૪.૦૩.૨૦૨૧ ગુરૂવાર

મેષ (અ.લ.ઈ.) :- જમીન-વાહન-મકાનનો યોગ. નાણાંકીય સ્થિતિ ઉત્તમ બને. આરોગ્ય સુખાકારી ઉત્તમ રહે.

વૃષભ (બ.વ.ઉ.) :- ધાર્મિક યાત્રા-પ્રવાસનો યોગ, કુટુંબ સુખ ઉત્તમ મળે. નોકરીમાં લાભ થાય. ધંધાકીય નવું રોકાણ શક્ય બને.

મિથુન (ક.છ.ઘ.) :- નોકરીમાં લાભ, શેર બજારથી લાભ થાય, વિવાહ-લગ્ન સંબંધી શુભ સમય. આનંદ-ઉત્સાહમાં વધારો થાય.

કર્ક (ડ.હ.) :- વાહન-મકાન સુખ ઉત્તમ, ભાગ્યોદય ઉત્તમ, નોકરી-ધંધામાં પ્રગતિ થાય. કુટુંબિક વાતાવરણ સુમેળ ભર્યુ બને.

સિંહ (મ.ટ.) :- ધંધાનું આયોજન, સફળ બને. કુટુંબ સુખ ઉત્તમ વિવાહ-લગ્ન સંબંધી શુભ સમય. જમીન ખરીદી થઈ શકે.

કન્યા (પ.ઠ.ણ.) :- કુટુંબનો સહકાર મળે. વિવાહ લગ્ન સંબંધિ શુભ સમય, શુભ સમાચાર મળે. સામાજિક જવાબદારીમાં વધારો થાય.

તુલા (ર.ત.) :- માનસિક ચિંતા હળવી બને. વાહન-મકાનની ખરીદી થાય. સુખ ઉત્તમ મળે. કુટુંબમાં શુભ પ્રસંગ આવે.

વૃશ્ચિક (ન.ય.) :- શારીરિક સુખ, ઉત્તમ, સંતાનસુખ સારું મળે. બુદ્ધિ-વિવેકથી કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.

ધન (ભ.ધ.ફ.ઢ.) :- રોજગારીની નવી તકો મળે. માનસિક ચિંતા હલવી બને. આકસ્મિક ધનલાભ. વાહન સુખ ઉત્તમ.

મકર (ખ.જ.) :- ધંધાનું આયોજન સફળ બને. શુભ સમાચાર મળે. સંતાનસુખ ઉત્તમ મળે. નાણાંકીય દૂર થાય.

કુંભ (ગ.શ.સ.) :- કુટુંબ સુખમાં વધારો થાય. શુભ સમાચાર મળે. નોકીર-ધંધામાં પ્રગતિ થાય. આવકમાં વધારો થાય.

મીન (દ.ચ.ઝ.) :- કુટુંબ તરફથી શુભ સમાચાર મળે. શેરબજારથી લાભ. વિવાહ - લગ્ન સંબંધી ઉત્તમ સમય.

# દાહોદ જીલ્લામાં ભાજપાના વાવાઝોડામાં કોંગ્રેસ ઘરાશયી

દાહોદ, આ વખતે દાહોદ જીલ્લામાં ચુંટણી ઉપર ભારે રસાકસી સર્જાઈ હતી. આમ તો કોંગ્રેસ મજબુત પણ ઘણા સમય થી ધીરે ધીરે કોંગ્રેસના ગઢમાં કાંકરા ખેરવીને ભાજપા એ પગપેસારો કરીને દિવસે દિવસે મજબુત બનતા જતા મતદારોની ભાજપ અને કોંગ્રેસ દ્વારા ખેંચતાણ કરાઈ રહેતા રાજકીય પંડિતોની નજર મંડાઈ હતી. બન્ને પક્ષો દ્વારા જીત માટે છેલ્લી ઘડી સુધી મતદારોને આકર્ષવા માટટે એડી ચોટીનું જોર લગાડી દીધું હતું. ચુંટણી પરિણામમાં ભાજપે કોંગ્રેસનો કચ્ચરઘાણ કાઢી નાખીને ૫૦ બેઠકોમાંથી ૪૩ બેઠકો કબજે કરી સ્પષ્ટ બહુમતી મેળવી દીધી હતી. કોંગ્રેસને માત્ર ચાર અને એક અપક્ષને મળી હતી. આમ, કોંગ્રેસના હાથમાંથી સત્તા સરકી ગઈ હતી. ખાસ કરીને ભાજપણામાંથી મેન્ડેટ નહી મળતા વ્યવસાયે વકીલ એવા કમલેશભાઈ દિતાભાઈ માવી એ પોતાની અપક્ષ પેનલ બનાવી હતી. જેમાં તેઓ ઝરી બુઝર્ગ બેઠક જીતવા સાથો ચાર તાલુકાની બેઠકો મેળવી હતી. કોંગ્રેસના સફાયા સાથે ભાજપે ૨૩૮ બેઠકોમાંથી ૧૯૮ બેઠકો મેળવી છે. જ્યારે કોંગ્રેસે ૩૦ બેઠકો મેળવી શકી હતી. ૧૦ બેઠકો અપક્ષો એ આંચકી હતી. આ વખતે દાહોદ, ગરબાડા, ફતેપુરા, ઝાલોદ તાલુકા પંચાયતે ભાજપે ખૂલવી લીધી હતી. જેને લઈને સૌને આશ્ચર્ય વ્યાપ્યું હતું. આ રીતે દાહોદ જીલ્લામાંથી કોંગ્રેસના વળતા પાણી થતા સંગઠનકારો તથા નેતાઓને આશ્ચર્યમાં મૂકી દીધા હતા.

## દાહોદ તાલુકા પંચાયતના વિજેતા ઉમેદવાર

| અ.નં. | વિજેતા ઉમેદવાર | પક્ષ | મેળવેલ મત |
|---|---|---|---|
| ૧. | ભાભોર મેઘાભાઈ વરસીગભાઈ | બીજેપી | ૧૫૧૧ |
| ૨. | જયેશકુમાર અભેસિંહ પરમાર | બીજેપી | ૩૬૭૭ |
| ૩. | પુનકીબેન વજાભાઈ મેડા | બીજેપી | ૨૦૦૦ |
| ૪. | જોરિસંગભાઈ તેજીયાભાઈ બીલવાળ | બીજેપી | ૧૮૧૯ |
| ૫. | ભીમાભાઇ સુકયાભાઇ પરમાર | બીજેપી | ૧૮૨૮ |
| ૬. | જશોદાબેન હિતેન્દ્રસિંહ નાયક | બીજેપી | ૨૧૨૨ |
| ૭. | અરિવંદાબેન મતાભાઇ કિશોરી | બીજેપી | ૧૭૩૬ |
| ૮. | બદુભાઇ જવલાભાઇ પરમાર | કોંગ્રેસ | ૨૪૮૯ |
| ૯. | અનિતાબેન જસવંતભાઈ સંગાડા | બીજેપી | ૨૪૫૬ |
| ૧૦. | દીપીકાબેન વિજયભાઇ પરમાર | બીજેપી | ૨૫૧૨ |
| ૧૧. | સંગીતાબેન અનુભાઈ બિલવાળ | બીજેપી | ૧૫૯૪ |
| ૧૨. | નીતાબેન ભરતભાઇ સંગાડા | બીજેપી | ૧૮૫૦ |
| ૧૩. | રજનીકાતભાઈ રમેશચદ્રં પરમાર | બીજેપી | ૨૯૪૧ |
| ૧૪. | કિરણભાઇ બદીયાભાઇ મેડા | કોંગ્રેસ | ૧૮૦૨ |
| ૧૫. | ફકરૂભાઇ તેજીયાભાઇ મિનામા | બીજેપી | ૧૪૫૬ |
| ૧૬. | ચૌહાણ જશોદાબેન નરેશકુમાર | બીજેપી | ૧૯૭૩ |
| ૧૭. | સેજલબેન પ્રદીપભાઇ ભોહા | કોંગ્રેસ | ૧૯૩૧ |
| ૧૮. | સુનીલભાઇ દિપાભાઇ ભાભોર | બીજેપી | ૨૧૭૯ |
| ૧૯. | કલ્પેશભાઈ સેતાનભાઈ કિશોરી | બીજેપી | ૨૦૩૪ |
| ૨૦. | માવી વાલીબેન વીરાભાઈ | બીજેપી | ૧૫૮૬ |
| ૨૧. | નેતાભાઇ સુરસીંગભાઇ માવી | બીજેપી | ૧૬૯૫ |
| ૨૨. | કેળાબેન પાંગળાભાઈ દેવઘા | બીજેપી | ૨૧૦૯ |
| ૨૩. | દિમાબેન બાબુભાઇ ભાભોર | અપક્ષ | ૧૬૩૬ |
| ૨૪. | કાનાભાઇ સમસુભાઇ ભાભોર | બીજેપી | ૨૪૭૬ |
| ૨૫. | સુમિત્રાબેન જાલુભાઇ ભાભોર | બીજેપી | ૩૨૪૪ |
| ૨૬. | ચદુંબેન બચુભાઇ ભરીચા | બીજેપી | ૧૯૨૪ |
| ૨૭. | પ્રતાપભાઈ માનિસંગ ભુરીયા | બીજેપી | ૨૧૦૫ |
| ૨૮. | શારદાબેન સાંમતસિંહ હિહોર | બીજેપી | ૨૨૪૨ |
| ૨૯. | લીલતાબેન કમલેશભાઇ ભુરીયા | બીજેપી | ૨૨૧૨ |
| ૩૦. | ચંદ્રાવતીબેન ભુરાભાઈ મીનામા | બીજેપી | ૨૨૨૯ |
| ૩૧. | પીથાભાઈ મડિયાભાઈ બારીયા | બીજેપી | ૧૭૨૮ |
| ૩૨. | નિતાબેન રાજેશકુમાર રાઠોડ | કોંગ્રેસ | ૧૯૪૭ |
| ૩૩. | અમલીયાર રતનીબેન જોગડાભાઈ | કોંગ્રેસ | ૧૮૦૬ |
| ૩૪. | વજીરભાઇ મગળાભાઇ ભુરીયા | બીજેપી | ૧૪૭૩ |
| ૩૫. | ગૌરીબેન વિજયભાઈ પરમાર | બીજેપી | હરીફ |
| ૩૬. | ભુરીબેન સરદારસિંહ પણદા | બીજેપી | ૨૭૯૯ |
| ૩૭. | બાલુભાઈ સમસુભાઈ પરમાર | બીજેપી | ૨૫૨૦ |
| ૩૮. | બસુડીબેન શકરાભાઈ મેડા | કોંગ્રેસ | ૧૪૫૦ |

## સિંગવડ તાલુકા પંચાયતના વિજેતા ઉમેદવાર

| અ.નં. | વિજેતા ઉમેદવાર | પક્ષ | મેળવેલ મત |
|---|---|---|---|
| ૧. | મીનાબેન શંકરભાઈ મછાર | કોંગ્રેસ | ૧૨૧૭ |
| ૨. | ગોવિંદભાઈ બાબુભાઈ વહોનીયા | બીજેપી | ૨૬૮૦ |
| ૩. | કેશમબેન ભરતભાઈ સંગાડા | બીજેપી | ૨૨૦૪ |
| ૪. | રવેસિંહ તેરાભાઈ તાવિયાડ | બીજેપી | ૩૫૦૮ |
| ૫. | કાંતાબેન ફુલસિંગભાઈ ડામોર | બીજેપી | ૧૭૧૦ |
| ૬. | લીલાબેન પર્વતભાઈ ડાયરા | બીજેપી | ૧૬૫૨ |
| ૭. | જયાબેન રણજીતસિંહ ઠાકોર | બીજેપી | ૧૩૮૦ |
| ૮. | અસ્મિતાબેન ભુપતસિંહ પટેલ | બીજેપી | ૨૩૪૯ |
| ૯. | પર્વતભાઈ સુરમાભાઈ ડામોર | બીજેપી | ૧૬૬૮ |
| ૧૦. | સવિતાબેન હિંમતભાઈ હઠીલા | બીજેપી | ૨૪૪૮ |
| ૧૧. | જશોદાબેન દિનેશકુમાર બારીઆ | બીજેપી | બિનહરીફ |
| ૧૨. | કસ્તુરીબેન લલિતકુમાર પરમાર | બીજેપી | ૧૮૯૬ |
| ૧૩. | સુરેશ ભુરાભાઈ ચૌહાણ | બીજેપી | ૧૭૩૫ |
| ૧૪. | રમેશભાઈ મથુરભાઈ પટેલ | કોંગ્રેસ | ૧૦૭૯ |
| ૧૫. | કોકિલાબેન ચતુરભાઈ કિશોરી | બીજેપી | ૧૮૫૯ |
| ૧૬. | મયુરકુમાર કાંતિલાલ નિસરતા | બીજેપી | ૧૧૨૩ |
| ૧૭. | કાળુભાઈ વરસિંગભાઈ બારીઆ | બીજેપી | ૧૩૨૦ |
| ૧૮. | શ્રુતિબેન રાજેશભાઈ ડામોર | બીજેપી | ૧૭૬૫ |

## દે.બારીઆ તાલુકા પંચાયતના વિજેતા ઉમેદવાર

| અ.નં. | વિજેતા ઉમેદવાર | પક્ષ | મેળવેલ મત |
|---|---|---|---|
| ૧) | શિવાનંદ નાનસિંગ નાયક | બીજેપી | ૧૯૯૮ |
| ૨) | મંજુલાબેન શૈલેષકુમાર બારીઆ | બીજેપી | ૨૩૦૭ |
| ૩) | રાજેશભાઈ સુરસિંહ ભીલ | બીજેપી | ૨૪૯૪ |
| ૪) | આનંદીબેન ધનસુખભાઈ બારીઆ | બીજેપી | ૩૨૩૧ |
| ૫) | ગણપતભાઈ મોહનભાઈ બારીઆ | બીજેપી | ૧૭૭૫ |
| ૬) | સુમનબેન નરેન્દ્રસિંહ બારીઆ | બીજેપી | ૨૬૩૫ |
| ૭) | વિલાસબેન રવિન્દ્રસિંહ ખરાડ | બીજેપી | ૨૮૮૩ |
| ૮) | સગુણાબેન મહિપતભાઈ બારીઆ | બીજેપી | ૨૬૧૩ |
| ૯) | કાંતાબેન જબ્બરસીંગ કોળી | બીજેપી | ૨૫૪૧ |
| ૧૦) | સુરેખાબેન હરેશભાઈ બારીઆ | બીજેપી | ૨૧૮૬ |
| ૧૧) | કોકિલાબેન સબુરભાઈ બારીઆ | બીજેપી | ૨૯૭૯ |
| ૧૨) | લક્ષ્મણસિંહ હિરાભાઈ પટેલીયા | બીજેપી | ૨૪૪૫ |
| ૧૩) | જેમાબેન બાઘરભાઈ રાઠવા | બીજેપી | ૧૮૫૦ |
| ૧૪) | સુમતભાઈ મનસુખભાઈ બિલવાળ | બીજેપી | ૩૦૬૦ |
| ૧૫) | લીલાબેન કંચનભાઈ બારીઆ | બીજેપી | ૩૭૭૪ |
| ૧૬) | પંકજકુમાર નરવતભાઈ બારીઆ | બીજેપી | ૨૮૪૬ |
| ૧૭) | પાર્વતીબેન દીપસિંહ રાઠવા | બીજેપી | ૨૬૬૫ |
| ૧૮) | જસવંતસિંહ અમરસિંહ રાઠવા | બીજેપી | ૩૩૦૫ |
| ૧૯) | પર્વતભાઈ સોમાભાઈ સોલંકી | બીજેપી | ૨૦૭૧ |
| ૨૦) | કપીલાબેન માનસિંગભાઈ રાઠવા | બીજેપી | ૨૩૨૦ |
| ૨૧) | મંગળસીંગ જેસીંગભાઈ ડામોર | બીજેપી | ૨૪૯૪ |

## ઝાલોદ તાલુકા પંચાયતના વિજેતા ઉમેદવાર

| અ.નં. | વિજેતા ઉમેદવાર | પક્ષ | મેળવેલ મત |
|---|---|---|---|
| ૧. | નરેશભાઈ માનસિંગભાઈ હઠિલા | કોંગ્રેસ | ૧૧૮૯ |
| ૨. | સવિતાબેન હરસીંગભાઈ સંગાડા | કોંગ્રેસ | ૨૧૫૦ |
| ૩. | ભાનુભાઈ દલસિંગભાઈ સુવર | કોંગ્રેસ | ૧૯૬૮ |
| ૪. | મીનાબેન કલ્પેશભાઈ પણદા | બીજેપી | ૧૬૯૪ |
| ૫. | દિપીકાબેન પ્રદિપભાઈ વાઘેલા | બીજેપી | ૩૧૪૯ |
| ૬. | | | |
| ૭. | રોહિતકુમાર દિલીપભાઈ નિસરતા | બીજેપી | ૧૪૮૬ |
| ૮. | કલીતાબેન મુકેશભાઈ ભાભોર | બીજેપી | ૧૬૩૨ |
| ૯. | હડીબેન સુરસીંગભાઈ હઠીલા | બીજેપી | ૨૬૯૧ |
| ૧૦. | રેખાબેન તારસીંગભાઈ ડામોર | બીજેપી | ૨૨૮૬ |
| ૧૧. | સુરેશભાઈ પુંજાભાઈ ભુરીયા | અપક્ષ | ૨૨૮૬ |
| ૧૨. | કવિતાબેન મગનભાઈ ગરાસીયા | કોંગ્રેસ | ૧૨૪૪ |
| ૧૩. | અનિતાબેન દામાભાઈ મછાર | બીજેપી | ૧૭૦૦ |
| ૧૪. | રમેશભાઈ ધીરાભાઈ પલાસ | બીજેપી | ૧૮૧૨ |
| ૧૫. | સુમિત્રાબેન સવસીંગભાઈ વસૈયા | બીજેપી | ૨૭૦૮ |
| ૧૬. | મણીબેન રમેશભાઈ રસુઆત | બીજેપી | ૧૯૭૩ |
| ૧૭. | પ્રકાશભાઈ ગૌતમભાઈ પંચાસરા | બીજેપી | ૪૧૮૯ |
| ૧૮. | મેહુલકુમાર કનુભાઈ નિનામા | બીજેપી | ૨૫૫૦ |
| ૧૯. | ઈન્દીરાબેન મખજીભાઈ બારીયા | બીજેપી | ૨૮૭૪ |
| ૨૦. | નિલેશભાઈ કાળુભાઈ પરમાર | બીજેપી | ૨૧૭૩ |
| ૨૧. | વાલજીભાઈ દિતાભાઈ હઠીલા | કોંગ્રેસ | ૧૬૦૫ |

# દાહોદના વરમખેડા ગામે હારેલા ઉમેદવાર ના ઘરે પથ્થરમારો

દાહોદ, દાહોદ તાલુકાના વરમખેડા ગામે ગતરોજ સ્થાનીક સ્વરાજ્યની ચુંટણીના પરિણામ બાદ રાત્રીના સમયે આ મત વિસ્તારમાં તાલુકા પંચાયતની બેઠક પરથી હારી ગયેલ મહિલા ઉમેદવારના ઘર તરફથી વિજયી થયેલ ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારે તથા તેના સમર્થકો દ્વારા કાઢવામાં આવેલ સરઘસ દરમ્યાન હારેલ કોંગ્રેસના ઉમેદવારના ઘર તરફ ભારે પથ્થર મારો, અનેક વાહનોની તોડફોડ સહિત લાકડીઓ વડે માર મારતાં ઘણા લોકોને ઈજાઓ થવા પામી હતી. ઘટનાને પગલે વિસ્તારમાં ભયનો માહોલ પણ સર્જાયો હતો ત્યારે બનાવની જાણ પોલીસને થતાં પોલીસ કાફલો પણ સ્થળ પર દોડી ગયો હતો અને આ સંબંધે નામજોગ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાતાં પોલીસે તમામ તોફાની તત્વોના ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

મળતી માહિતી પ્રમાણે વરમખેડા ગામે બસ સ્ટેશન ફળિયામાં રહેતા ગલચંદભાઈ હિમલાભાઈ બારીયાની પત્નિએ તાલુકા સભ્ય તરીકે કોંગ્રેસ પક્ષ તરફથી ઉમેદવારી હતી અને ચુંટણી લડચાં હતાં. ગતરોજ આ ચુંટણીનું પરિણામ જાહેર થયું હતું અને જેમાં આ ગલચંદભાઈ બારીયાની પત્નિનો પરાજય થયો હતો. આ પરિણામની જાહેરાત થયાં બાદ ગલચંદભાઈ તેમની પત્નિ તેમજ તેમના સમર્થકો ઘરે જવા નીકળ્યાં હતાં અને લગભગ સાંજના ૦૫ વાગ્યાના આસપાસ તેઓ ઘરે પહોંચ્યાં હતા અને તમામ લોકો ગલચંદભાઈના ઘરે બેઠા હતાં અને ચર્ચા વિચારણા કરતાં હતાં. આ સમયે ત્યાંથી આ મત વિસ્તારમાં ભારતીય જનતા પાર્ટીમાંથી વિજય થયેલા ભીમાભાઈ સુકિયાભાઈ પરમારનું સરઘસ નીકળ્યું હતું. આ સરઘસ ગલચંદભાઈ બારીઆના ઘર તરફથી પસાર થતાં ભીમાભાઈ તથા તેમના સમર્થકો ત્યાં ઉભા રહ્યાં હતાં અને ગલચંદભાઈ બારીયા તથા તેમની પત્નિને કહેલા લાગેલ કે, હું ચુંટણીમાં જીતી ગયેલ છુ, તમોએ શું ઉખાડી લીધું અને આખુ ગામ મારી સાથે છે તેમ કહી બેફામ ગાળો તેમજ ચીચીયારીઓ કરતાં હતાં. આ દરમ્યાન ભારતીય જનતા પાર્ટીના વિજયી ઉમેદવાર ભીમાભાઈ સુકિયાભાઈ પરમાર તથા તેમની સાથેના મહેશભાઈ ભીમાભાઈ પરમાર, અશોકભાઈ સુકિયાભાઈ પરમા, ગોપીભાઈ મડીયાભાઈ ગણાવા, રાજુભાઈ બચુભાઈ બારીયા, અશ્વિનભાી કનુભાઈ બારીયા, મનુભાઈ બચુભાઈ બારીયા, સમસુભાઈ બચુભાઈ બારીયા, કાન્તીભાઈ ગનીયાભાઈ પરમાર, પારસીંગભાઈ મડીયાભાઈ પરમાર, શૈલેશભાઈ મડીયાભાઈ ગણાવા, મેલાભાઈ મડીયાભાઈ ગણાવા, વિનુભાઈ બચુભાઈ બારીયા, સુરેશભાઈ મનુભાઈ બારીયા, કાન્તીભાઈ લાલજીભાઈ પરમાર તથા બીજા પચાસ જેટલા લોકોએ મારક હથિયારો ધારણ કરી એકદમ ઉશ્કેરાઈ જઈ ગલચંદભાઈ બારીઆના ઘર તરફ ટોળ ધસી આવી લાકડીઓ, પથ્થરો વડે પાંચ મોટરસાઈકલ, બે જી.સી.બી. મશીનો, એક બોલેરો ગાડી, એક આઈસર ટેમ્પો વિગેરે વાહનોની તોડફોડ કરી ભારે નુકસાન પહોંચાડચું હતું જ્યારે કોંગ્રેસના સમર્થકરોને પણ લાકડી વડે તેમજ પથ્થરો વડે માર મારી ભારે ધિંગાણું મચાવતાં વિસ્તારમાં ભયનો માહોલ સર્જાઈ જવા પામ્યો હતો.

આ સમગ્ર મામલે આ મત વિસ્તારના કોંગ્રેસના મહિલા ઉમેદવારના પતિ ગલચંદભાઈ હિમલાભાઈ બારીયાએ દાહોદ તાલુકા પોલિસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તમામ તોફાની તત્વોના ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

# દે.બારીઆના ઉધાવાળા ગામે ચૂંટણી અદાવતે ધિંગાણું

દે.બારીઆ, દેવગઢ બારીઆ તાલુકાના ઉધાવળા ગામે ચુંટણીમાં અપક્ષનો ઉમેદવાર હારી જતાં તેના ભાઈ તેમજ સમર્થકો દ્વારા એક વ્યક્તિના ઘરે આવી બેફામ ગાળો બોલી વોટ ન આપવાના કારણે હારી ગયા હોવાના આક્ષેપો સાથે ભારે ધિંગાણું મચાવ્યા બાદ એક મહિલા સહિત ચાર જણાને ગડદાપાટુનો તેમજ બે જણાને આંગળીમાં બચકુ ભરી કાપી નાંખી મારી નાંખવાની ધાકધમકીઓ આપતાં વિસ્તારમાં ભયનો માહોલ સર્જાવા પામ્યો હતો અને આ સંબંધે દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાતાં પોલીસે ગુનો નોંધી ધિંગાણું મચાવનાર ઈસમોના ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ ઉધાવળા ગામે મોટા ફળિયામાં રહેતા દશરથભાઈ રયલાભાઈ પટેલ, અર્જુનભાઈ રયલાભાઈ પટેલ, ભોપતભાઈ કનુભાઈ ઉર્ફે કાગુભાઈ પટેલ અને હિતેશભાઈ બળવંતભાઈ પટેલનાઓ ગતરોજ પોતાના કબજાની બોલેરો ગાડીમાં બેસી ફળિયામાં જ રહેતા સુરેશભાઈ રાયસીંગભાઈ પટેલના ઘરે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, મારો ભાઈ અપક્ષમાં ઉમેદવારી કરેલ હતી, તો તમોએ મારા ભાઈને વોટ કેમ ના આપ્યો અને બીજાને કેમ વોટ આપ્યો અને તમોએ મારા ભાઈને વોટ ન આપતાં તેના કારણે તે ચુંટણી હારી ગયેલ છે તેમ કહી બેફામ ગાળો બોલી સંજયભાઈને દશરથભાઈએ હાથના અંગુઠાની બાજુમાં બચકુ ભરી લોહી કાઢી નાંખી તથા અર્જુનભાઈ, ભોપતભાઈ અને હિતેશભાઈએ ગડદાપાટુનો માર મારી ઈજા પહોંચાડી હતી. આ દરમ્યાન વચ્ચે છોડવવા પડેલ સુરેશભાઈની માતા રેશમબેનને ડાબા હાથની પહેલી આંગળી ઉપર બચકુ ભરી આંગળી કાપી નાખી હતી અને બાદમાં સુરેશભાઈ અને તેમના ઘરના માણસોને પણ ગડદાપાટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવી નાસી જતાં આ સંબંધે ઈજાગ્રસ્ત સુરેશભાઈ રાયસીંગભાઈ પટેલે દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### સંજેલી તાલુકાના હીરોલા ગામે ચુંટણીમાં

# બોગસ મતદાન ન કરવા દેતા ભાજપના સમર્થકોએ કોંગ્રેસની ઉમેદવાર સહિત ત્રણ મહિલાને માર મારી લૂંટ કરી

સંજેલી, સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીનું મતદાન પુર્ણ થયા બબાદ દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના હીરોલા ગામે ખેડા ફળીયા પ્રાથમિક શાળા રોડ પર રાતના સુમારે બોગસ મતદાન ન કરવા દેવાના મામલે ભાજપના ઉમેદાવર તથા તેના સમર્થકએ કોંગ્રેસ પક્ષની મહિલા ઉમેદાવર તથા તેની સાથેની એક મહિલા સાથે ઝઘડો કરી ધાકધમકીઓ આપી બંને મહિલાઓના ગળામાં પહેરેલ સોનાની ચેઈન તથા રોકડ મળી રૂા.૧,૧૨,૦૦૦ની મત્તા બળજબરીથી કઢાવી લઈ ગાડી પર પથ્થર મારો કરી તથા માર મારી ઈજાઓ કર્યાનું જાણવા મળેલ છે.

પ્રાપ્ત વિગત અનુસાર હીરોલા ગામના ખેડા ફળીયામાં રહેતા ભુપેન્દ્રભાઈ કાળુભાઈ સંગાડાએ હીરોલા ૬/૧ તાલુકા પંચાયત બેઠક પર ભાજપમાંથી ઉમેદવારી નોંધાવી હતી. જ્યારે હીરોલા ગામના અણીકા ફળીયામાં રહેતી કાંતાબેન ઈનેશભાઈ સંગાડાએ હીરોલા બેઠક પર કોંગ્રેસ પક્ષમાંથી સભ્ય તરીકે ઉમેદાવરી કરી હતી. કાંતાબેન સંગાડા ટીનાબેન તથા ગંગાબેન સાથે ચુંટણી પત્યા બાદ રાતના સાડા સાત વાગ્યાના સુમારે મતદાન આગળ ઉભા હતા તે વખતે હિરોલા ખેડા ફળીયાના મેહુલ સુરેશભાઈ સંગાડા, સોમજી બદીયાભાઈ સંગાડા, ભુપેન્દ્ર કાળુભાઈ સંગાડા તથા ભુરા સોમજી સંગાડાએ આવી તેઓને બોગસ મતદાન કરવા દીધું ન હતુ તેથી તેની અદાવત રાખી હાથમાં પથ્થર રાખી કાંતાબેન સંગાડા, ટીનાબેન તથા ગંગાબેનને ધાકધમકીઓ આપી અમો સરપંચના માણસો છીએ. મારી સામે કેમ ઉમેદવાવરી કરી છે અમોને ઘણો ખર્ચ થઈ ગયેલ છે. તેમ કહી ગાળો બોલી કાંતાબેનના ગળામાં પહેરેલ રૂા.૫૦ હજારની કિંમતની બે તોલા વજનની સોનાની ચેન તથા રોકડા રૂપિયા ૧૨૦૦૦ તથા ટીનાબબેનના ગળામાં પહેરેલ રૂા.૫૦ હજારની કિંમતની બે તોલા વજનની સોનાની ચેન મળી રૂા.૧,૧૨,૦૦૦ની મત્તા બળજબરીથી કઢાવી કાંતાબેનની ફોરવ્હીલ ગાડી ઉભી રખાવી પથ્થર મારી કાચ તોડી નાખી ત્રણે મહિલાને છુટે હાથે મારમારી તથા મારી નાખવાની ધાકધમકી આપી હતી. આ સંબધે હીરોલા ગામના કાંતાબેન ઈનેશભાઈ સંગાડાએ નોંધાવેલ ફરીયાદને આધારે સંજેલી પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જિલ્લામાં ગમખ્વાર અકસ્માતના બે બનાવોમાં ત્રણના મોત

દાહોદ, વાહન ચાલકની ગફલતના કારણે દાહોદ જિલલામાં જુદી જુદી જગ્યાએ બનેલા ગમખ્વાર માર્ગ અકસ્માતના બે બનાવોમાં ત્રણ જણા સ્થળ પર જ કાળનો કોળીયો બન્યાનું જાણવા મળેલ છે.

પ્રાપ્ત વિગત અનુસાર દાહોદ જિલ્લામાં ગમખ્વાર માર્ગ અકસ્માતના બનેલા બે બનાવો પૈકીનો એક બનાવ દાહોદ તાલુકાના જાલત ગામે એસ્સાર પેટ્રોલ પંપ પાસે ખાન નદીના પુલ પર ગતરાતના દશેક વાગ્યાના સુમારે બનવા પામ્યો હતો. જેમાં કોઈ અજાણ્યો વાહન ચાલક તેના કબ્જાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લઈ આવી જાતલ ગામે આગળ જતી જીજે ૨૦ પી ૭૪૩૭ નંબરની મોટર સાયકલને જોશભેર ટક્કર મારી પોતાનું વાહન લઈ નાસી જતા મોટર સાયકલ પર સવાર પુંસરી ગામે પટેલ ફળીયામાં રહેતા રામુભાઈ નારસીંગભાઈ સંગાડીયા તથા રામુભાઈ સંગાડીયાના ભત્રી વિજયભાઈ કસુભાઈ સંગાડીયાને શરીરે ગંભીર ઈજાઓ થતા બંનેનું સ્થળ પર જ અરેરાટીભર્યું મોત નિપજ્યું હતુ.

ઘટનાની જાણ થતા જ કતવારા પોલીસે ઘટના સ્થળે દોડી ગઈ હતી અને બંને મૃતકોની લાશનો કબ્જો લઈ બંનેની લાશનું પંચો રૂબરૂ પંચનામું કરી લાલશને પીએમ માટે દાહોદ જનરલ હોસ્પીટ ખાતે મોકલી આપી કતવારા પોલીસે પુંસરી ગામના કનુભાઈ નારસીંગભાઈ સંગાડીયાની ફરીયાદને આધારે અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જયારે જિલ્લામાં ગમખ્વાર માર્ગ અકસ્માતનો બીજો બનાવ ઝાલોદ તાલુકાના ગતરાતના સવા સાત વાગ્યાના સુમારે લીમડી નગરના સુભાષ સર્કલ પર બનવા પામ્યો હતો. જેમાં એક ક્રુઝર જીપ ચાલક તેના કબ્જાની જીજે ૦૭ બી.બી. ૬૫૫૬ નંબરની ક્રુઝર જીપ ગાડી પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લઈ જઈ લીમડી સુભાષ સર્કલ પાસે દાહોદ રોડ તરફથી ઝાલોદ રોડ તરફ જઈ લીમડી સર્કલ પાસે દાહોદ તરફથી ઝાલોદ રોડ તરફ જઈ ચાલતા જઈ રહેલા મધ્યપ્રદેશના નાગદા જંક્શન ખાતે રહેતા ૧૬ વર્ષીય આદિત્ય મનોહરલાલ હરીશંકર શેદવાલા નામના કિશોરને અડફેટમાં લઈ રોડ પર પાડી દઈ પોતાની ક્રુઝર ગાડી લઈ નાસી ગયો હતો. જયારે આદિત્યને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તેનું સ્થળ પર જ મોત નિપજતા મૃતક આદિત્યના મામા લીમડી નગરના કૃષ્ણકાંત ખેમરાજ તંબોળીએ નોંધાવેલ ફરીયાદને આધારે પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### કોંગ્રેસ મુકત :

# દે.બારીઆ તાલુકા પંચાયત

દે.બારીઆ, દે.બારીઆ તાલુકામાં જીલ્લા તથા તાલુકાની સામન્ય ચુંટણીના પરિણામોમાં કોંગ્રેસ મુકતનો ટ્રેડ સંકલ્પ સાથે ઉતર્યું હતું. તે મુજબ તાલુકા તથા જીલ્લા ૨૮-૦૬ જીલ્લાની બેઠકો ઉપર સમખાવા પુરતું કોંગ્રેસનો એકપણ ઉમેદવાર જીતી શકયો નથી. તેના પહેલા દે.બારીઆ નગર પાલિકાની બીજી ટર્મ માટે પ્રમુખ તથા ઉપપ્રમુખની ચુંટણી વખતે કોંગ્રેસ મુકત કરવાનો પાયો નખાઈ ચૂકયો હતો. કોંગીના મેન્ડેટ પરથી જીતેલા ઉમેદવારોને નગર પાલિકાની ભાજપની બોડીમાં સમાવેશ સાથે કોંગ્રેસ મુકત કરવાનો પ્લાન બની ગયો હતો અને તે પ્રમુખ તથા ઉપપ્રમુખની બીજી ટર્મ માટે પૂરા અઢી વર્ષ પ્રમુખ બનાવવામાં આવ્યા હતા. પરંતુ તે હાલમાં પણ આયાતિ પાલિકાના પ્રમુખ હવાતીયા મારતા હોય છે. અને સ્ટે પર સ્ટે લાવવા માટે મજબુર કરી દીધા છે અને શહેર થી કોંગ્રેસ મુકતની શરૂઆત થઈ છે. તે જીલ્લા તથા તાલુકાની બેઠકોમાં દેખાઈ રહ્યુ છે. તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે.

રાજ્ય ચુંટણી આયોગના પત્રક નમુના-૩૧(ક) નિયમ ૬૩(૩)ના અનુસંધાને ગુજરાત પંચાયત ચુંટણી અધિનિયમ ૧૯૯૪ના નિયમ ૬૩ના કલમ-૧૫ની કલમ(૪) ના અનુસંધાને ગુજરાત ચુંટણી પંચ નીચે કોલમમાં લખેલા સભ્યોના નામોને ચુંટાયેલા જાહેર કર્યા છે. જે તાલુકાની ૨૮ માંથી ૧૫ બેઠક ચુંટણી અધિકારી મામલતદાર હસ્તક તેમજ ૧૩ બેઠક જે.આર.રાઠવા ચુંટણી અધિકારી તાલુકા પંચાયત વિભાગ અને તાલુકા વિકાસ અધિકારી દે.બારીઆ તેમજ જીલ્લાની છ બેઠક ૬ પ્રાંત અધિકારી દે.બારીઆ સીધી નિગરાની હેઠળ ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ-૧૫ પેટા કલમ-૪ અનુસાર ગુજરાત ચુંટણી પંચ દાહોદ જીલ્લા પંચાયતમાં તેના નામ સામે જણાવેલ બેઠક માટે ચુંટાયેલ જાહેર કર્યા છે.

## ગરબાડા તાલુકા પંચાયતના વિજેતા ઉમેદવાર

| અ.નં. | વિજેતા ઉમેદવાર | પક્ષ | મેળવેલ મત |
|---|---|---|---|
| ૧. | નવલસિંહ મકનાભાઈ કટારા | કોંગ્રેસ | ૧૩૨૭ |
| ૨. | સુરતાબેન વિનુભાઈ ભાભોર | બીજેપી | ૧૭૯૭ |
| ૩. | મયુરભાઈ ભલાભાઈ ભાભોર | બીજેપી | ૧૭૭૭ |
| ૪. | મીતાબેન મનુભાઈ માવી | બીજેપી | ૨૨૩૫ |
| ૫. | સુમીબેન રમણભાઈ ભુરીયા | બીજેપી | ૧૨૨૫ |
| ૬. | વિનોદભાઈ નાથાભાઈ પરમાર | બીજેપી | ૧૫૪૧ |
| ૭. | વિક્રમભાઈ દિનેશભાઈ દેહદા | બીજેપી | ૧૭૪૨ |
| ૮. | સુમનબેન લલ્લુભાઈ મુનિયા | અપક્ષ | ૧૩૬૪ |
| ૯. | ચંદાબેન મુકેશભાઈ ગારી | બીજેપી | ૧૬૨૪ |
| ૧૦. | મનિષાબેન અર્જુનભાઈ ગણાવા | બીજેપી | ૨૨૨૧ |
| ૧૧. | રમેશભાઈ નારુભાઈ ભુરીયા | બીજેપી | ૧૨૨૯ |
| ૧૨. | ગંગાબેન મનુભાઈ મંડોડ | બીજેપી | ૧૧૨૪ |
| ૧૩. | કિર્તીબેન પંકજભાઈ ભુરીયા | કોંગ્રેસ | ૧૫૬૨ |
| ૧૪. | નરેશકુમાર ગોપાળસિંહ બામણયા | બીજેપી | ૨૬૨૨ |
| ૧૫. | લલ્લુભાઈ મલાભાઈ જાદવ | બીજેપી | ૮૦૦ |
| ૧૬. | સંદીપકુમાર સરદારભાઈ વહોનીયા | બીજેપી | ૧૧૮૪ |
| ૧૭. | જીવલીબેન માજુભાઈ ભાભોર | બીજેપી | ૨૯૦૯ |
| ૧૮. | સંગીતાબેન બાબુભાઈ રાઠોડ | બીજેપી | ૧૨૦૧ |
| ૧૯. | મથુરભાઈ ભારતાભાઈ પસાયા | બીજેપી | ૧૩૭૨ |
| ૨૦. | હરમલભાઈ મગનભાઈ ભુરીયા | કોંગ્રેસ | ૧૬૨૮ |
| ૨૧. | સુમિત્રાબેન કનુભાઈ વહોનીયા | અપક્ષ | ૭૭૯ |
| ૨૨. | સુમિત્રાબેન કાંતિભાઈ ખરાડ | બીજેપી | ૧૬૨૦ |
| ૨૩. | વૈશાલીબેન વિજયભાઈ માવી | અપક્ષ | ૧૮૫૩ |
| ૨૪. | વનિતાબેન કરણસિંહ રાઠવા | અપક્ષ | ૬૭૩ |

## લીમખેડા તાલુકા પંચાયતના વિજેતા ઉમેદવાર

| અ.નં. | વિજેતા ઉમેદવાર | પક્ષ | મેળવેલ મત |
|---|---|---|---|
| ૧. | કિવતાબેન બાબભાઈ રાવત | બીજેપી | ૨૦૩૭ |
| ૨. | ગમીરભાઈ સાયબાભાઈ પરમાર | બીજેપી | ૨૦૧૩ |
| ૩. | બચુભાઈ ગલાભાઈ તડવી | બીજેપી | ૧૯૦૪ |
| ૪. | નવિસંગભાઈ તેરસીંગભાઈ મકવાણા | અપક્ષ | ૮૪૦ |
| ૫. | કાગડીબેન પવર્તભાઈ બારીયા | બીજેપી | ૨૧૦૯ |
| ૬. | કાંતાબેન ગોપાલભાઈ ડામોર | બીજેપી | ૨૦૧૨ |
| ૭. | કોકીલાબેન નરવતભાઈ ડાંગી | બીજેપી | ૨૩૦૩ |
| ૮. | રક્ષાબેન સંજયભાઈ બામણીયા | બીજેપી | ૧૮૨૫ |
| ૯. | મિનલબેન દિવ્યાગં રાવત | બીજેપી | ૨૫૩૦ |
| ૧૦. | ઈલાબેન બાલમકુંદ નિનામા | બીજેપી | ૨૩૩૦ |
| ૧૧. | સંતાબેન નરવતભાઈ રાવત | બીજેપી | ૧૯૪૦ |
| ૧૨. | રાધાબેન કિરણભાઈ બારીઆ | બીજેપી | ૨૬૨૦ |
| ૧૩. | મોહનભાઈ સુરપાળભાઈ ભાભોર | બીજેપી | ૧૮૪૬ |
| ૧૪. | રેશમબેન સુક્રમભાઈ પલાસ | બીજેપી | ૩૧૨૧ |
| ૧૫. | રતનીબેન દીપસીંગભાઈ રાવત | બીજેપી | ૧૮૫૩ |
| ૧૬. | અશ્વિનકુમાર પારથીભાઈ નીનામા | બીજેપી | ૨૨૭૫ |
| ૧૭. | બળવતિસંહ સબુરભાઈ પટેલ | બીજેપી | ૧૭૨૩ |
| ૧૮. | દિનેશભાઈ વિરસીંહભાઈ ડામોર | બીજેપી | ૨૬૦૧ |
| ૧૯. | રૂપસીંગભાઈ પારૂભાઈ માવી | બીજેપી | બિનહરીફ |
| ૨૦. | શર્માબેન જયપાલભાઈ મુણીયા | બીજેપી | બિનહરીફ |
| ૨૧. | પવર્તભાઈ રૂપાભાઈ નિનામા | બીજેપી | ૨૬૧૯ |
| ૨૨. | લતાબેન મકેુશભાઈ ભાભોર | બીજેપી | ૨૩૮૮ |
| ૨૩. | હિનાબેન હિમિસંગભાઈ તડવી | બીજેપી | ૧૯૯૭ |
| ૨૪. | પ્રવિણભાઈ કડકસીંગભાઈ નિનામા | બીજેપી | ૨૯૮૧ |

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 162

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# પંચમહાલ જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોમાં ભાજપા એ પોતાનો ગઢ સાચવી રાખ્યો

ગોધરા,
છેલ્લા ૧૫ વર્ષથી પંચમહાલ જીલ્લામાં શાસન ભોગવી રહેલ ભાજપને ગ્રામ્ય મતદારો એ ફૂલડે વધાવીને ખોબલે ખોબલે મતો આપીને ખોળે બેસાડયા છે. જ્યારે કોંગ્રેસને જાકારો આપીને કમળ ઉપર વિશ્વાસની મહોર મારી છે. જીલ્લા પંચાયતમાં ભાજપે કલીન સ્લીપ કરીને કોંગ્રેસને કલીન બ્લોડ કરી દીધા છે. જ્યારે તાલુકા પંચાયતની ૯૦ ટકા ઉપરાંત બેઠકો ઉપર કમળ ખીલતા સત્તાનું પુનરાવર્તન થયું છે. નો રીપીટ થિયરી હેઠળ જીલ્લા પંચાયતના તમામ ઉમેદવારોનો બદલાવ કરીને ચુંટણી મેદાનમાં ઉતારતા તેઓએ ‘‘કમળાના’’ ચિહ્ન આધારે ઐતિહાસિક જીત હાંસલ કરી દઈને સિનિયર નેતાઓના મોં મા આંગળા ઘલાવી દીધા હતા. અને તબક્કે ટિકિટ વહેંચણીને લઈને જૂના જોગીયોમાં ભારે નારાજગી સર્જાતા તેઓ નડશે અથવા હરિફોને ગુપ્ત મદદ કરશે તેવી દહેશત વ્યાપી હતી. પરંતુ પક્ષના સિદ્ધાંતમાં માનનાર આ જૂના જોગીઓ પક્ષ અને ઉમેદવારોને વફાદાર રહેતા જીતાડવામાં પણ મદદરૂપ બન્યા હતા. કોંગ્રેસને સમ ખાવા પૂરતી પણ બેઠક મળી ન હતી એટલું જ નહિ ગત વખતે નુકશાન નિવડેલ ૬ બેઠકો પણ ભાજપા એ હસ્તગત કરી દીધી હતી. અત્યંત ઉત્તેજના સભર ઠેરઠેર આયોજીત મતગણતરી પ્રક્રિયાને લઈને ટેકેદારો તથા ઉમેદવારોની પળપળ ઉપર નજર મંડાઈ હતી. જીલ્લા પંચાયતની અક્રમાંક નં.૧ ધરાવતી અંબાલી બેઠક ઉપરના કામિની ગોપાલસિંહ સોલંકી એ એક પછી એક રાઉન્ડ અગ્રેસર રહીને વિજેતા જાહેર થવાની સાથે સમગ્ર જીલ્લામાં સૌ પ્રથમ જીતનું ખાતું ખોલ્યું હતું અને તેઓ શુકવંત બનતા ઉત્તરોતર સમગ્ર તાલુકાઓમાં જીલ્લા પંચાયતની બેઠકો વિજેતા બનતા જતા ભાજપા વર્તુળમાં આનંદની લ્હેર છવાઈ હતી. તેવી રીતે સાત તાલુકાઓમાં પણ ભાજપા એ કેસરીયો લહેરાવીને પુનઃ સત્તા મળેવી દીધી હતી. અત્રે નોંધનીય છે કે ગ્રામ્ય વિસ્તારોમાં આ વખતે કોંગ્રેસે મોંઘવારીનો મુદ્દો ઉઠાવ્યો હતો. ખાસ કરીને ચુરિયાના ભાવો તથા પેટ્રોલ-ડિઝલ ભાવ વધારાનો પણ પ્રાર કરતા એક તબક્કે મતદારો ભાજપા પ્રતિ નારાજગી વ્યકત કરતા હતા છતાં ગૃપ્ત મતદાન થકી ભાજપાને મત આપીને વડાપ્રધાન મોદી ઉપર વિશ્વાસ મૂકીને પક્ષના ઉમેદવારોને જીતાડીને કોંગ્રેસનો પંજો માર્યો હતો. જોકે આ પરિણામ પાછળ દિવસો થી તૈયાર કરેલ માઈક્રો સંગઠન ભાજપને ફળ્યું હતું. તો બીજી તરફ કોંગ્રેસ છેલ્લી ઘડી સુધી મજબુત સંગઠન ઊભું કરવા સાથો સક્ષમ ઉમેદવારોની પસંદગી કરવામાં ગોથું ખાઈ જતા હારનો સ્વાદ ચાખવો પડયો હતો.

## જીલ્લા પંચાયતના વિજેતા ઉમેદવાર

| ગામ | વિજેતા ઉમેદવાર | પક્ષ | મેળવેલ મત |
|---|---|---|---|
| અંબાલી | કામીનીબેન ગોપાલસિંહ સોલંકી | બીજેપી | ૧૨૭૭૨ |
| આંગડીયા | કિંજલબેન નિલેશકુમાર સંગાડા | બીજેપી | ૮૦૨૬ |
| બાકરોલ | હિરાબેન અમરસિંહ રાઠોડ | બીજેપી | ૧૨૭૦૪ |
| બોરીયા-૫ | રમીલાબને જસવંતસિંહ પગી | બીજેપી | ૧૦૫૩૦ |
| ધામણોદ-૭ | દુધાભાઈ ભવાનભાઈ બારીયા | બીજેપી | ૧૦૫૫૦ |
| એરાલ | કૃષ્ણકાંત શાંતિલાલ પરમાર | બીજેપી | ૧૪૫૩૭ |
| ગોલ્લાવ | રેણુકાબેન સુભાષભાઈ ડાયરા | બીજેપી | ૮૭૧૨ |
| જાફરાબાદ | શકુંતલાબેન સુરેશભાઈ ગણાવા | બીજેપી | ૭૩૨૭ |
| જાંબુઘોડા | રમીલાબેન ભણતાભાઈ નાયક | બીજેપી | ૧૫૮૬૧ |
| કંજરી | સુનિલદત દલપતસિંહ પરમાર | બીજેપી | ૧૩૩૩૧ |
| કાંકણપુર | મણીબેન કાળુભાઈ વણકર | બીજેપી | ૧૩૮૭૪ |
| કરોલી | વાલીબેન લાલાભાઈ નાયક | બીજેપી | ૧૧૩૦૬ |
| ખરોડ | જયાબેન રમેશભાઈ રાઠવા | બીજેપી | ૧૧૭૯૮ |
| ૧૭-મોરા | આશાકુંવરબા હરદિપસિંહ જાદવ | બીજેપી | ૯૬૪૦ |
| ૧૮-મોરવા | રામસિંગ કાળુભાઈ બારીઆ | બીજેપી | ૯૬૬૩ |
| મોટી કાંટડી | વિનોદભાઈ મનસુખભાઈ ભભોરા | બીજેપી | ૧૨૫૮૯ |
| નદીસર | અમિતકુમાર રયજીભાઈ પરમાર | બીજેપી | ૧૪૮૦૦ |
| ઓરવાડા | અરવિંદસિંહ બળવંતસિંહ પરમાર | બીજેપી | ૯૬૮૦ |
| પાલ્લા | ભુપેન્દ્રસિંહ અર્જૂનસિંહ સોલંકી | બીજેપી | ૧૩૫૬૩ |
| પિંગળી | પ્રવિણસિંહ પર્વતસિંહ ચૌહાણ | બીજેપી | ૧૩૩૫૯ |
| રજાયતા | વિક્રમસિંહ રામસિંહ ડીંડોર | બીજેપી | ૬૭૪૬ |
| રવાલીયા | સીતાબેન ગુલાબસિહ નાયક | બીજેપી | ૧૨૭૧૪ |
| સાલીયા | સરોજબેન અરવિંદભાઈ બારીઆ | બીજેપી | ૧૧૩૬૫ |
| સાંપા | રમણસિંહ શનાભાઈ ડામોર | બીજેપી | ૧૧૮૯૬ |
| શિવરાજપુર | પ્રેમિલાબેન નરેન્દ્રસિંહ પરમાર | બીજેપી | ૮૧૦૬ |
| સીમલીયા | સુર્યાબેન તખતભાઈ બારીઆ | બીજેપી | ૧૦૧૯૫ |
| સુરેલી | કિરણસિંહ સોમસિંહ બારીઆ | બીજેપી | ૧૩૬૪૧ |
| તલાવડી | રમેશભાઈ કાભઈભાઈ પરમાર | બીજેપી | ૧૧૬૭૬ |
| તરખંડા | સંગીતાબેન ચંદનસિંહ પરમાર | બીજેપી | ૧૩૧૩૦ |
| વાડી-૩૪ | લીલોબન દલપતસિંહ સોલંકી | બીજેપી | ૯૭૮૪ |
| વંદેલી | મહેન્દ્રકુમાર હિંમતસિંહ બારીઆ | બીજેપી | ૧૧૦૩૧ |
| વાવકુલ્લી | મીનાભાઈ મથુરભાઈ રાઠવા | બીજેપી | ૧૦૫૦૮ |
| વેજલપુર | રેખાબેન વિજયસિંહ રાઠોડ | બીજેપી | ૧૪૨૧૮ |
| જીંજરી | રમેશભાઈ ગોપાલભાઈ રાઠવા | બીજેપી | ૮૬૦૪ |

## ગોધરા તાલુકા પંચાયતના વિજેતા ઉમેદવાર

| વિજેતા ઉમેદવાર | પક્ષ | મેળવેલ મત | ગામ |
|---|---|---|---|
| પ્રિયંકાબેન ધિરેન્દ્રસિંહ સિસોદીયા | બીજેપી | ૩૭૬૯ | અંબાલી |
| લીલાબેન મંગાભાઈ પટેલ | બીજેપી | ૧૯૦૯ | આંગડીયા |
| તારાબેન ધર્મજસિંહ રાઠોડ | બીજેપી | ૩૦૩૭ | અસારડી |
| ગંગાબેન નવિનચંદ્ર ચૌહાણ | બીજેપી | ૧૮૪૧ | બખ્ખર |
| રાયસિંગ સમરસિંગ પટેલ | બીજેપી | ૨૩૮૪ | ભામૈયા |
| અરવિંદસિંહ કેશરસિંહ બારીયા | બીજેપી | ૩૩૨૬ | બોડીદ્રા(બુ) |
| ઉર્મિલાબેન મહેન્દ્રકુમાર રાવત | બીજેપી | ૧૭૩૯ | મોરા ડુંગરા |
| ભાવુબેન જયેન્દ્રસિંહ રાઉલજી | બીજેપી | ૨૪૯૬ | મોટી કાંટડી |
| ઉર્મિલાબેન કીરીટભાઈ પટેલ | બીજેપી | ૩૩૦૭ | નદીસર |
| નયનબેન કલ્પેશકુમાર પટેલ | બીજેપી | ૧૭૨૪ | ઓરવાડા |
| અમરીબેન બળવંતભાઈ ડામોર | બીજેપી | ૧૨૩૨ | પોપટપુરા |
| કાન્તાબેન કનુભાઈ ચૌહાણ | બીજેપી | ૨૮૮૨ | રામપુર જોડકા |
| જશોદાબેન કનુભાઈ વાઘેલા | બીજેપી | ૪૧૬૦ | રતનપુર કાંટડી |
| રંજનબેન નરેન્દ્રસિહ રાઠોડ | બીજેપી | ૨૭૩૬ | સામલી |
| સાગરભાઈ કાંતિભાઈ આહિર | બીજેપી | ૨૨૬૯ | છાવડ |
| સુનિતાબેન સુરેશભાઈ બારીયા | બીજેપી | ૨૦૨૧ | દયાળ |
| સામંતસિંહ સાલમસિંહ સોલંકી | બીજેપી | ૩૧૯૨ | ધાણીત્રા |
| અર્જુનસિંહ રતનસિંહ પટેલ | બીજેપી | ૩૮૧૪ | એરંડી |
| જસવંતસિંહ અમરસિંહ રાઠવા | બીજેપી | ૧૮૪૮ | ગદુકપુર |
| દેવરામસિંહ ફતેસિંહ પરમાર | બીજેપી | ૨૮૪૮ | ગોલ્લાવ |
| જશોદાબેન જગદીશચંદ્ર બારીયા | બીજેપી | ૨૭૦૮ | ગોવિંદી |
| અશોકભાઈ મનુભાઈ રાઠવા | બીજેપી | ૨૭૮૮ | હરકુંડી |
| અલ્પેશકુમાર સુરપાલસિંહ મિનામા | બીજેપી | ૧૬૦૫ | જાફરબાદ |
| કાન્તિભાઈ શંકરભાઈ પગી | બીજેપી | ૩૨૧૩ | જુનીધરી |
| દશરથસિંહ સોમસિંહ મકવા | બીજેપી | ૪૨૩૦ | કાંકણપુર |
| મુકેશભાઈ મીઠાભાઈ પરમાર | બીજેપી | ૩૦૫૮ | મહેલોલ |
| મનિષાબેન વિજયકુમાર પટેલ | બીજેપી | ૨૮૨૧ | મીરપ |
| ઉદેસિંહ વાઘાભાઈ પગી | બીજેપી | ૨૯૬૨ | સાંપા |
| લીલાબેન ઉપેશકુમાર નાયકા | બીજેપી | ૩૦૧૦ | સાંકલી |
| ગૌરાંગકુમાર રાજેન્દ્રભાઈ પટેલ | બીજેપી | ૩૭૬૫ | ટીંબા |
| સરદારસિંહ બળવંતસિંહ પટેલ | બીજેપી | ૨૮૪૦ | વડેલા |
| પ્રિયંકાબેન પ્રિન્સકુમાર ડામોર | બીજેપી | ૧૮૬૭ | વાવડી(બુ) |
| સંજયભાઈ પ્રભાતસિંહ ડાભી | બીજેપી | ૩૫૨૯ | વાવડી (ખુ) |
| ગણપતભાઈ ખાતુભાઈ ડાભી | બીજેપી | ૩૬૦૯ | વિંઝોલ |

## શહેરા તાલુકા પંચાયતના વિજેતા ઉમેદવાર

| વિજેતા ઉમેદવાર | પક્ષ | મેળવેલ મત | ગામ |
|---|---|---|---|
| અર્જુનભાઈ લખમણભાઈ બારીયા | બીજેપી | ૨૫૬૮ | બબલુજીના મુવાડા |
| રામસિંહ શંકરભાઈ પરમાર | બીજેપી | ૨૭૦૫ | ભુરખલ |
| અસ્મિતાબેન હસમુખકુમાર પરમાર | બીજેપી | ૪૦૪૧ | ડેમલી |
| સંગીતાબેન ઉદેસિંહ માલીવાડ | બીજેપી | ૨૫૬૫ | ધામણોદ |
| બીજલભાઈ ખાતુભાઈ બારીયા | બીજેપી | ૨૧૪૦ | ધાંધલપુર |
| ભારતસિંહ પ્રભાતસિંહ સોલંકી | બીજેપી | ૨૨૮૬૯ | ધરાપુર |
| વિક્રભાઈ છગનભાઈ ખાંટ | બીજેપી | ૨૧૦૩ | ગાંગરડીયા |
| જસવંતભાઈ મોહનસિંહ જાદવ | બીજેપી | ૩૪૩૯ | ગુણેલી |
| ચાવડા સજજનસિંહ ભુપતસિંહ | બીજેપી | ૨૨૭૨ | ખાંડીયા |
| રોહિતકુમાર બળવંતસિંહ પગી | અપક્ષ | ૧૬૭૫ | મંગલીયાણા |
| રયજીભાઈ કાનભાઈ નાયકા | બીજેપી | ૨૦૯૩ | નાડા |
| વાઘાભાઈ મગનભાઈ નાયકા | બીજેપી | ૨૭૪૯ | નાંદરવા |
| લીલાબેન રમેશભાઈ પરમાર | બીજેપી | ૨૮૦૮ | નરસાણા |
| સુમિત્રાબેન દિલિપસિંહ પરમાર | બીજેપી | ૩૦૬૯ | સાદરા |
| સુર્યાબેન સંજયકુમાર નાયકા | બીજેપી | ૨૪૫૫ | સાજીવાવ |
| કપીલાબેન મુકેશભાઈ પટેલ | બીજેપી | ૧૮૦૭ | સુરેલી |
| લીલાબેન નટવરસિંહ બારીયા | બીજેપી | ૨૦૯૮ | તરસંગ |
| જસવંતસિંહ બળવંતસિંહ સોલંકી | કોંગ્રેસ | ૨૨૧૯ | વાડી |
| ઉમેદસિંહ લક્ષ્મણસિંહ બારીયા | બીજેપી | ૨૨૧૯ | વાઘજીપુર |

## મોરવા(હ) તાલુકા પંચાયતના વિજેતા ઉમેદવાર

| વિજેતા ઉમેદવાર | પક્ષ | મેળવેલ મત | ગામ |
|---|---|---|---|
| ગીતાબેન લાલસિંગભાઈ પારગી | બીજેપી | ૧૫૭૨ | અગરવાડા |
| ધર્મિષ્ઠાબેન દિનેશકુમાર માલીવાડ | બીજેપી | ૧૨૩૨ | બામણા |
| હર્ષદભઈ રાજેન્દ્રભાઈ પટેલ | બીજેપી | ૨૪૯૪ | ભંડોઈ |
| રશ્મિબેન પર્વતભાઈ સોલંકી | બીજેપી | ૩૮૪૩ | ભુવર |
| સવિતાબેન ગલાભાઈ માલ | બીજેપી | ૧૪૪૦ | ચોપડા બુઝર્ગ |
| ભારતસિંહ રાયસિંહ પટેલ | બીજેપી | ૧૬૩૪ | કદાદરા |
| ઉર્મિલાબેન ભારતભાઈ વાદી | બીજેપી | ૨૫૦૪ | ખાબડા |
| સુરેશભાઈ ભારતસિંહ નાયકા | બીજેપી | ૧૬૭૩ | ખાનપુર |
| સમરતબેન જગદીશભાઈ બામણીયા | અપક્ષ | ૨૫૭૫ | કુવાઝર |
| વિજયકુમાર ગુલાબસિંહ નાયકડા | બીજેપી | ૧૭૪૯ | માતરીયા વેજમા |
| રવિન્દ્રકુમાર ભાવસિંહ નાયકા | બીજેપી | ૧૯૬૭ | મોજરી |
| લીલાબેન અમરસિંહ રાઠોડ | બીજેપી | ૧૬૫૦ | મોરા |
| જ્યોતિકાબેન દલપતસિંહ બારીયા | બીજેપી | ૨૭૪૫ | મોરવા(હ) |
| આનંદીબેન રાજેશભાઈ બારીયા | બીજેપી | ૧૮૦૩ | નાટાપુર |
| દક્ષાબેન અર્જુનભાઈ મુનિયા | બીજેપી | ૨૧૨૪ | રજાયતા |
| મનહરભાઈ રાયસિંહ નાયક | બીજેપી | ૨૫૮૧ | રામપુર-કરસનપુર |
| હંસાબેન જીતેન્દ્રકુમાર પટેલ | બીજેપી | ૨૧૧૦ | રસુલપુર |
| પ્રભાબેન ભારતસિંહ ભુરીયા | બીજેપી | ૧૨૮૯ | સાગવાડા |
| ગોવિંદભાઈ શંકરભાઈ પટેલ | બીજેપી | ૧૫૮૭ | સાલીયા |
| જુવાનસિંહ શિગાભાઈ નટ | કોંગ્રેસ | ૮૫૦ | સુલીયાત |
| ઝાઝમબેન મણીલાલ પારગી | બીજેપી | ૩૨૧૭ | વાડોદર |
| દિલીપસિંહ છત્રસિંહ ઠાકોર | બીજેપી | ૧૪૦૯ | વંદેલી-૧ |
| રમેશભાઈ હીરાભાઈ ઝાલૈયા | બીજેપી | ૧૯૪૫ | વંદેલી-૨ |
| મુકેશભાઈ અર્જુનભાઈ કટારા | અપક્ષ | ૧૪૭૧ | વણેડા |

## કાલોલ તાલુકા પંચાયતના વિજેતા ઉમેદવાર

| વિજેતા ઉમેદવાર | પક્ષ | મેળવેલ મત | ગામ |
|---|---|---|---|
| સુરજબેન લાલસિંહ જાદવ | બીજેપી | ૧૬૯૬ | અડાદરા |
| ધર્મિષ્ઠાબેન મહેશકુમાર પરમાર | બીજેપી | ૧૬૫૪ | અલાલી |
| રેખાબેન ડાહ્યાગીરી ગોસાઈ | બીજેપી | ૧૯૫૭ | બાકરોલ |
| ગુણવંતસિંહ શાભાઈ ચૌહાણ | બીજેપી | ૨૩૦૧ | બેઢીયા |
| સોનલબેન અજયસિંહ ચૌહાણ | બીજેપી | ૨૮૮૦ | ચલાલી |
| ઈન્દ્રજીતસિંહ અરવિંદસિંહ રાઠોડ | બીજેપી | ૩૦૪૦ | દેલોલ |
| વિપુલભાઈ પૂંજાભાઈ પરમાર | બીજેપી | ૨૩૭૨ | દેલોલ ગામ |
| કિરણસિંહ રામસિંહ પરમાર | બીજેપી | ૩૧૮૭ | દેલોલ સ્ટેશન |
| મંજુબેન અર્જુનસિંહ પરમાર | બીજેપી | ૨૬૭૬ | એરાલ |
| કપિલાબેન વિક્રમભાઈ રાઠવા | બીજેપી | ૨૭૨૭ | ધુસર |
| ઉપેન્દ્રકુમાર મહોલસિંહ ચાવડા | બીજેપી | ૩૧૩૨ | જંત્રાલ |
| અમરતબેન જીવાભાઈ વણકર | બીજેપી | ૨૧૯૩ | કાનોડ |
| કોકિલાબેન દિનેશભાઈ પટેલ | બીજેપી | ૩૦૪૮ | ખડકી |
| મંજુલાબેન રમણભાઈ સોલંકી | બીજેપી | ૨૫૭૬ | ખરસાલીયા |
| તેજલબેન ગુણવતસિંહ પરમાર | બીજેપી | ૧૫૮૯ | મધવાસ |
| નિલેશભાઈ શનાભાઈ નાયક | બીજેપી | ૩૨૬૩ | મલાવ |
| કમલેશકુમાર ડાહ્યાભાઈ પટેલ | અપક્ષ | ૨૨૫૩ | પલાસા |
| ઉમેશકુમાર મોહનભાઈ પરમાર | બીજેપી | ૨૪૨૧ | પીંગળી |
| વિજયસિંહ મોહનસિંહ રાઠોડ | બીજેપી | ૨૦૮૮ | સણસોલી |
| મુકેશકુમાર કાળુસિંહ સોલંકી | બીજેપી | ૨૨૧૯ | સાતમણા |
| સલીમ મહંમદ કડીયા | અપક્ષ | ૨૭૫૬ | વેજલપુર |
| જયદેવસિંહ રણજીતસિંહ ઠાકોર | બીજેપી | ૨૫૪૯ | વ્યાસડા |

## હાલોલ તાલુકા પંચાયતના વિજેતા ઉમેદવાર

| વિજેતા ઉમેદવાર | પક્ષ | મેળવેલ મત | ગામ |
|---|---|---|---|
| મધુબેન સંજયકુમાર રાઠોડ | બીજેપી | ૧૭૦૩ | અભેટવા |
| ભગવતીબેન રામચંદ્ર બારીયા | બીજેપી | ૨૯૪૬ | બાસ્કા |
| અશોકભાઈ ગોવિંદભાઈ બારીયા | બીજેપી | ૨૭૩૭ | ચાંપાનેર |
| ગુલાબભાઈ રેમાભાઈ રાઠવા | બીજેપી | ૨૭૪૦ | ઢીંકવા |
| ઉપેશભાઈ ચીમનભાઈ નાયક | બીજેપી | ૩૧૭૩ | ધનસર |
| નિરૂબેન પ્રતાપભાઈ બારીયા | બીજેપી | ૧૩૮૮ | કથોલા |
| નિલેશભાઈ મહેન્દ્રભાઈ નાયક | બીજેપી | ૩૫૬૫ | મદાર |
| નગીનભાઈ બળવંતભાઈ પરમાર | બીજેપી | ૧૮૪૦ | મસવાડ |
| ગંગાબેન રમણભાઈ રાઠવા | બીજેપી | ૨૭૨૩ | મોટી ઉમરવાણ |
| હિરલબેન રાકેશભાઈ બારીયા | બીજેપી | ૨૨૨૦ | નવાગામ |
| સંગીતાબેન ગોપાલસિંહ બારીયા | બીજેપી | ૧૮૫૨ | પાલનપુર |
| દિલિપસિંહ રતનસિંહ પરમાર | બીજેપી | ૧૮૫૫ | પ્રતાપપુરા |
| જાગૃતિબેન પૂનમસિંહ નાયક | બીજેપી | ૨૪૧૯ | રામેસરા |
| ધર્મિષ્ઠાબેન નવનીતભાઈ પરમાર | બીજેપી | ૧૮૨૦ | રવાલીયા |
| કનુભાઈ ધુળાભાઈ રાઠોડ | બીજેપી | ૨૨૩૮ | સાથરોટા |
| હર્ષદભાઈ શંકરભાઈ બારીયા | બીજેપી | ૧૭૪૪ | શિવરાજપુર |
| સવિતાબેન કિરણભાઈ નાયક | બીજેપી | ૨૫૬૩ | તલાવડી |
| મહેન્દ્રસિંઈ દલપતસિંહ ચાવડા | બીજેપી | ૨૬૩૫ | તરખંડા |
| રમેશચંદ્ર બકોરસિંઈ પરમાર | બીજેપી | ૩૧૩૬ | ઉજેતી |
| સજજનબેન ગુલસિંહ રાઠવા | બીજેપી | ૨૪૮૩ | વડા તળાવ |
| સુર્યાબેન ગુણવતસિંહ રાઠવા | બીજેપી | ૧૯૪૭ | વાઘબોડ |
| રાજેશભાઈ મોહનભાઈ રાઠવા | બીજેપી | ૨૨૫૩ | વાંકડીયા |
| દિલિપસિંહ કિરીટસિંહ રાઠોડ | બીજેપી | ૨૬૭૮ | વરસડા |

## જાંબુઘોડા તાલુકા પંચાયતના વિજેતા ઉમેદવાર

| વિજેતા ઉમેદવાર | પક્ષ | મેળવેલ મત | ગામ |
|---|---|---|---|
| બચલીબેન ગોરધનભાઈ બારીયા | બીજેપી | ૯૯૩ | ચાલવડ |
| દિપીકાબેન મુકેશભાઈ ચૌહાણ | બીજેપી | ૯૮૩ | ડુમા |
| સુમિત્રાબેન રામાભાઈ બારીયા | બીજેપી | ૧૦૨૪ | હવેલી |
| શકુનાબેન ભારતભાઈ નાયક | બીજેપી | ૯૬૭ | હિરાપુર |
| કલજીભાઈ ઉધીયાભાઈ બારીયા | બીજેપી | ૮૦૫ | જબાણ |
| ચંપકકુમાર કાળુભાઈ બારીયા | બીજેપી | ૧૪૪૮ | જાંબુઘોડા |
| વિક્રમભાઈ નવલસિંહભાઈ બારીયા | બીજેપી | ૧૪૦૬ | કરા |
| કવિતાબેન શંકરભાઈ બારીયા | બીજેપી | ૧૦૦૫ | ખાડીવાવ |
| સુરતાબેન કરશનભાઈ બારીયા | બીજેપી | ૭૫૫ | ખોડસલ |
| હેમલીબેન વરતનભાઈ રાઠવા | બીજેપી | ૭૩૬ | નાથપુરી |
| ગીતાબેન વિજયભાઈ બારીયા | બીજેપી | ૯૬૦ | નિજારણ ફળીયા |
| રીનાબેન કમલેશભાઈ બારીયા | બીજેપી | ૧૩૯૫ | પણીયારા |
| લાલસીંગભાઈ ચેમાભાઈ બારીયા | બીજેપી | ૧૧૮૧ | રામપુરા |
| જયોતિન્દ્રસિંહ પર્વતસિંહ રાણા | બીજેપી | ૭૧૭ | ઉચેટ |
| શર્માબેન રીતેશભાઈ બારીયા | બીજેપી | ૮૧૩ | ઉંઢવણ |
| હિતેશકુમાર શાંતિલાલ રાઠવા | બીજેપી | ૬૩૪ | વાવ |

## પંચમહાલમાં કોરોના સંક્રમણના નવા ૮ કેસ નોંધાયા

ગોધરા,
પંચમહાલ જિલ્લામાં આજે કોરોનાના નવા ૦૮ પોઝિટિવ કેસ મળી આવ્યા છે. આ સાથે જિલ્લામાં કુલ કોરોના કેસોની સંખ્યા ૪૦૪૫ થવા પામી છે. જયારે જિલ્લામાં સક્રિય કેસોની કુલ સંખ્યા પર થઈ છે, જેમની સારવાર હાથ ધરવામાં આવી રહી છે. આજે મળી આવેલ કેસો પૈકી શહેરી વિસ્તારોમાંથી ૦૬ કેસ મળી આવ્યા છે, જેમાં ગોધરા શહેરમાંથી ૦૧, હાલોલમાંથી ૦૪ અને કાલોલ શહેરમાંથી ૦૧ પોઝિટીવ કેસ મળી આવ્યો છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારના કેસો જોઈએ તો કાલોલ ગ્રામ્યમાંથી ૦૧ અને મોરવા હડફ ગ્રામ્યમાંથી ૦૧ કેસ મળી આવ્યા છે. આજે ૦૧ વ્યક્તિને સાજા થતા સારવાર બાદ રજા આપવામાં આવી હતી. આ સાથે કુલ ૩૮૫૨ વ્યક્તિઓને રજા અપાઈ છે. શહેરી વિસ્તારોમાં સંક્રમણના કુલ ૨૯૬૩ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૧૦૮૨ કેસ મળી આવ્યા છે. હોસ્પિટલમાંથી રજા મેળવનાર દર્દીઓની કુલ સંખ્યા ૪૦૪૫ થવા પામી છે.

## ઘોઘંબા તાલુકા પંચાયતના વિજેતા ઉમેદવાર

| વિજેતા ઉમેદવાર | પક્ષ | મેળવેલ મત | ગામ |
|---|---|---|---|
| ભાવનાબેન સુનિલકુમાર પરમાર | બીજેપી | ૧૫૫૬ | બાકરોલ |
| સગુનાબેન બાલવ્ટસિંહ રાઠવા | બીજેપી | ૨૦૪૩ | બોર |
| દિલીપભાઈ લક્ષ્મણભાઈ પરમાર | બીજેપી | ૨૨૨૧ | ચેલાવાડા |
| શીતલબેન હેમુબેન જાદવ | બીજેપી | ૨૭૭૧ | ફરોડ |
| ગીતાબેન શૈલેષભાઈ નાયક | બીજેપી | ૨૪૦૨ | ઘોઘંબા |
| કલ્યાણસિંહ ભયજીભાઈ નાયક | બીજેપી | ૩૩૮૬ | ગોદલી |
| દુર્ગાબેન સુરેશભાઈ નાયક | બીજેપી | ૨૭૪૭ | ગોયાસુંડલ |
| સંગીતાબેન કનુભાઈ નાયક | બીજેપી | ૨૪૦૯ | ગુંદી |
| નયનબેન સંજયસિંહ સોલંકી | બીજેપી | ૨૯૪૦ | કાનપુર |
| ધનીબેન જુવાનસિંહ બારીયા | બીજેપી | ૨૦૨૩ | કાંટુ |
| બકીબેન દિનેશભાઈ રાઠવા | બીજેપી | ૨૮૦૯ | ખરખડી |
| વિમળાબેન દિલીપભાઈ બારીયા | બીજેપી | ૨૫૧૩ | ખરોડ |
| કમળાબેન ગુમાતસિંહ રાઠવા | બીજેપી | ૨૮૪૬ | ખીલોડી |
| આનંદીબેન વિનોદભાઈ બારીયા | બીજેપી | ૨૩૮૭ | માલુ |
| છેલુભાઈ ગલુભાઈ રાઠવા | બીજેપી | ૩૩૨૪ | મોલ |
| મહેન્દ્રસિંહ તખતસિંહ પરમાર | બીજેપી | ૨૭૬૧ | પાદોરા |
| કરશનભાઈ નાદીયાભાઈ રાઠવા | બીજેપી | ૩૩૫૦ | પાલ્લા |
| સજજનસિંહ ભુપતસિંહ પરમાર | બીજેપી | ૨૮૯૫ | રણજીતનગર |
| ચીમનભાઈ દલાભાઈ તડવી | બીજેપી | ૧૮૧૦ | રીંછવાણી |
| મોહનભાઈ ગમાભાઈ નાયકા | બીજેપી | ૨૨૭૬ | સીમલીયા-૧ |
| કિરીટભાઈ સાવજીભાઈ રાઠવા | બીજેપી | ૨૭૧૦ | સીમલીયા-૨ |
| ચંદ્રકાન્ત બળવંતસિંહ પટેલીયા | બીજેપી | ૨૨૯૬ | વાંગરવા |
| હેમંતકુમાર દીપાભાઈ રાઠવા | બીજેપી | ૨૫૯૩ | વાંકોડ |
| ગોપાલભાઈ બીજલભાઈ રાઠવા | બીજેપી | ૨૧૯૦ | વાવકુલ્લી |
| કિરણભાઈ કેશરસિંહ ચૌહાણ | બીજેપી | ૨૧૩૩ | જીંજરી |

## સરકારી પડતર અને ગૌચરોની જમીનો પર વર્ષોથી ગેરકાયદેસર દબાણ

નદીસર,
ગોધરા તાલુકાના નદીસર રેવન્યુ વિસ્તારમાં આવતા નવા નદીસર ગામે ગામના પૂર્વ -પશ્ચિમ તેમજ આસપાસ મોટાભાગની જમીનો સરકારી પડતર તેમજ ગૌચર જમીનો છે. સદર જમીનો વર્ષોથ ત્યાંના કેટલાક સ્થાનિકો ગેરકાયદેસર રીતે કબ્જો જમાવીને બેઠા છે. ત્યારે એક તરફ રાજય સરકાર દ્વારા લેન્ડ ગ્રેબીંગ એકટ જેવો મજબુત કાયદો લાવવામાં આવ્યો છે. ત્યારે આવી સરકારી પડતર તેમજ ગૌચરની જમીનો પર અડીંગો જમાવીને બેઠેલા વ્યકિતઓ પર કાર્યવાહી કરવામાં આવશે કે નહી તેવો વેધક સવાલ જનતા પૂછી રહી છે.

સદર સરકારી પડતર તેમજ ગૌચરની જમીનો ઉપર આધારભૂત સુત્રો દ્વારા મળતી વિગતો પ્રમાણે વર્ષોથી ખેતી થાય છે. તેમજ બાંધકામ પણ થયેલ છે. આ અંગે પંચાયતી સત્તાધિશો ને પુછતા તેમને જણાવેલ કે આ અંગે દબાણ ખાલી કરવા અમો એ નોટીસો પણ આપેલ છે. છતાં આ ઈસમો સદર જમીનો ખાલી કરતા નથી તાજેતરમાંજ અહીંયા જેટકોના સબ સ્ટેશનને મંજુરી મળી હતી. તેના માટે જમીન શોધવાના પ્રયત્નમાં આ સમગ્ર દબાણોનો અંદાજ આવેલ હોવાનું જાણવા મળેલ છે. અને જેટકો સબ સ્ટેશન માટેની જમીન શોધવા માટે પણ જો સદર દબાણો ખાલી કરવામાં આવે તો સબ સ્ટેશનનું નિર્માણ પણ વ્યવસ્થીત રોડ પર થઈ શકે. વધુમાં પ્રકાશમાં આવતી વિગતો મુજબ સદર નવા નદીસર ગામ ૧૯૭૩ માં મહિ નદીમાં આવેલ પુર બાદ નદીસર અને શેરોના મુવાડા ગામ માંથી થયેલ અસર ગ્રસ્તો માંથી નિર્માણ થયેલ હોય જે તે વખતે સરકાર તરફથી પુનઃ વસન માટે ૩૩ ફુટ પહોળા અને ૬૬ ફુટ લાંબા એમ બે ઘર બની શકે તેટલા પ્લોટું એલોટમેન્ટ થયેલ હતું. ત્યારબાદ ધીમે ધીમે સદર પ્લોટની જગ્યાએ સ્થાનિકો એ મોટા ઘરો ઉપરાતં મોટા-મોટા વાડાઓ આંતરી ‘સબ ભૂમિ ગોપાલ કી’ ની જેમ દબાણ કરી દીધું છે. રખેન ભવિષ્યમાં ફરી કોઈ આવું પુર આવે તો નદીસર ગામના અન્ય અસર પામેલા પરિવારોને ક્યાં સમાવવા તેજ ગંભીર પ્રશ્ન ઉભો થાય તેમ છે. ત્યારે આ બાબતે સ્થળ તપાસ કરી તાત્કાલીક તંત્ર દ્વારા દબાણો દુર કરવા જરૂરી છે.

## કાલોલ જેતપુર બસસ્ટેન્ડ પાસે એકટીવા અને બાઈક અથડાતાં એક ઈજાગ્રસ્ત

કાલોલ,
કાલોલ તાલુકામાં આવેલા જેતપુર બસ સ્ટેશન પાસે એકટીવા લઈને જતા ખેડૂતને મોટર સાઈકલ સવારે ટક્કર મારતાં ઈજાગ્રસ્ત થયા હતા અને બાઈક ચાલક ફરાર થઈ ગયો હતો. કાલોલ તાલુકાના જેતપુર બસસ્ટેન્ડ પાસેથી જેતપુર ના એક ખેડુત એકટીવા લઈ ખેતરમાં જતાં હતાં. આ સમય દરમ્યાન સામેથી પુરઝડપે આવતા એક મોટરસાયકલ ચાલકે બાઈકનું સંતુલન ગુમાવી દેતાં ખેડુતની એકટીવાને સામેથી અફડાવી દેતાં બંન્ને બાઈક જમીન ઉપર ગઈ હતી. નજીકના જેતપુર ગામના ખેડૂત ની એકટીવા બાઈક અથડાતાં ખેડુતની એકટીવા સ્લીપ ખાઈ જતાં ખેડુતને પગે નાળાના ભાગે આને શરીર પર ઓછી વધતી ઈજાઓ થઈ હતી. ઘટના સ્થળે બાઈક ચાલક તકનો લાભ લઈ ફરાર થઈ ગયો હતો. જે ઘટનાં સ્થળે થી પસાર થતા એક રાહદારી એ તાત્કાલીક ૧૦૮ ને ફોન કરી સારવાર અર્થે કાલોલ રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જેની જાણ તેનાં પરીવારને કરતાં ઈજાગ્રસ્ત ના પરીવાર જણોએ એકસીડન્ટ કરનાર મોટરસાયકલ જી.જે.૧૭. બી.આર. ૧૦૧૫ ના અજાણ્યા ચાલક વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા કાલોલ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે. જેની કાલોલ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## ગોધરા શહેરના ૨૨ વર્ષીય યુવતીનું શાંતિનાથજી જૈન દેરાસર ખાતે દીક્ષા ગ્રહણ


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,
આજના યુગમાં જ્યારે વૈભવ વિલાસ લોકોનો ધ્યેય બની ચૂકયો છે, ત્યારે આ સમયગાળામાં સંસારનો ત્યજવો એક મોટી સિદ્ધિ ગણી શકાય, ગોધરા શહેરના અદુંબર કૂવા વિસ્તારમાં રહેતા ધરાબેન કે જેઓનો લોકો કાંચીના હુલામણા નામથી લોકો ઓળખતા હતા, કાંચી બેન પોતે કોમર્સ સ્નાતક થયા છે અને હાલ તેઓનો ઉંમર માત્ર ૨૨ વર્ષ જ છે, પરંતુ તેઓએ થોડાં સમય પહેલાં જ વૈભવ વિલાસ ત્યજીને સંયમના માર્ગને પસંદ કર્યો હતો, અને તેઓના આ નિર્ણય પાછળ તેઓના માતાપિાએ પણ સમર્થન કર્યું હતું, ધરાબેન શાહ દ્વારા ગોધરા શહેરના શાંતિનાથજી જૈન દેરાસર ખાતે દીક્ષા ગ્રહણ કરવામાં આવી હતી, દિક્ષાગ્રહણ બાદ ધરાબેનનું ધર્મપ્રજ્ઞાશ્રીજી મહારાજ સાહેબ નામકરણ કરવામાં આવ્યું હતું, આચાર્ય શ્રી શીલચંદ્ર મહારાજ સાહેબના હસ્તે ધરાબેનને દીક્ષા અર્પણ કરવામાં આવી હતી, બીજી તરફ દીક્ષા ગ્રહણ સમારંભમાં સમગ્ર જૈન સંપ્રદાય ઉપસ્થીત રહ્યો હતો.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

એ. એ. જમનુ
મુ. હેલોચ,
તા. મોરવા(હ)

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

આઈ. એ. પાડા
મુ. કડાદરા,
તા. મોરવા(હ)